Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com



અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 6, Issue:265 Dt.19-08-2021 (Thursday) સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# ભાજપની જન આશીર્વાદ યાત્રાને લીલી ઝંડી આપતા રૂપાલા, માંડવીયા

## કેન્દ્રીય ગ્રામ વિકાસ મંત્રી પુરૂષોતમ રૂપાલા ઉમીયાધામ ઉંઝા પહોંચ્યા, મનસુખ માંડવીયાએ ખોડલધામથી લીલી ઝંડી આપીઃ ભાજપની યાત્રાઓમાં કાર્યકરોનો અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો, જીલ્લાભરમાં જનતા સાથે પક્ષના નેતાઓ દ્વારા સીધો સંવાદ અને સંપર્ક કરાયા







(તસવીરઃ પંકજ ડાભી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

ગુજરાતમાં ભાજપ સરકારની સીધ્ધીઓને જનતા સુધી પહોંચાડવાના હેતુથી અને લોકોના પ્રશ્નો સાંભળવા માટે ભાજપ દ્વારા સરકારની પાંચ વર્ષની મુદ્‌તની પરીપુર્ણતા નિમિત્તે કાઢવામાં આવેલી જન આશીર્વાદ યાત્રાઓને રાજયભરમાં ઠેરઠેર જબરૂ સમર્થન મળી રહયું છે. આજે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં બે અલગ-અલગ સ્થળેથી ભાજપનાં કેન્દ્રીય મંત્રીઓએ જન આશીર્વાદ યાત્રાઓને લીલી ઝંડી આપી હતી. ભાજપના કાર્યકરો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. કેન્દ્રના ગ્રામ્ય વિકાસ કેબીનેટ મંત્રી પુરૂષોતમ રૂપાલાએ ઉંઝા ખાતે ઉમીયાધામનાં દર્શન કરીને જન આશીર્વાદ યાત્રાને લીલી ઝંડી આપી હતી. કાગવડ ખાતે આવેલા ખોડલધામ મંદિરે દર્શન કરી કેન્દ્રના આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએ ભાજપની જન આશીર્વાદ યાત્રાના શ્રી ગણેશ કરાવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં રાજકોટ શહેર જીલ્લા ભાજપના આગેવાનો અને કાર્યકરો ભારે ઉત્સાહ સાથે યાત્રામાં જોડાયા હતા. આ રીતે આજે ગુજરાતમાં બબ્બે કેન્દ્રીય મંત્રીઓના નેતૃત્વમાં ભાજપની જન આશીર્વાદ યાત્રાનો પ્રારંભ થયો હતો.

સવારે કેન્દ્રીય મંત્રી પુરૂષોતમ રૂપાલા ઉંઝા પહોંચ્યા હતા તેમણે ઉમીયાધામ મંદિરે જઇ શીશ ઝુંકાવ્યું હતું અને માતાજીના આશીર્વાદ લઇ યાત્રામાં જોડાયા હતા. ઉંઝાથી તેઓ મહેસાણા, બહુચરાજી અને માંડલ જવા રવાના થશે જયાં તેઓ યાત્રાને આગળ ધપાવશે અને જનતા સાથે સંવાદ હાથ ધરશે. મહેસાણાના કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પણ હાજરી આપી હતી. મોટી સંખ્યામાં લોકોએ ઠેરઠેર યાત્રાનું સ્વાગત કર્યુ હતું. જોરદાર કેસરીયો માહોલ છવાયો હતો.

(અનુ.પાના નં.૪ ઉપર)

## ઉંઝામાં રૂપાલાનું ભવ્ય સ્વાગત, માંડવીયાના હસ્તે ખોડલધામમાં દવજારોહણ, રાજકોટ ખાતે બપોર બાદ ખાસ સભાઃ કેન્દ્રીય મંત્રીઓના નેતૃત્વમાં શરૂ થઇ, જન આશીર્વાદ યાત્રાઓ

# તમામ ભારતીઓને સુરક્ષિત વતન લાવવા પર અત્યારે ધ્યાન કેન્દ્રિત છેઃ વિદેશ મંત્રી

## યુનોમાં બેઠકોનો ધમધમાટ કરતા વિદેશ મંત્રી એસ.જયશંકર

**(એજન્સી સમાચાર)**

ન્યુઓક, તા.૧૯

અફઘાનિસ્તાની પરિસ્થિતિ અંગે યુનોની સલામતી સમીતિની તાકિદની ખાસ બેઠક બાદ વિદશ મંત્રી એસ.જયશંકરે જણાવ્યું હતું કે, અમે અફઘાનિસ્તાનની પરિસ્થિતિ પર બારીક નજર રાખી રહયા છીએ. અત્યારે તમામ ભારતીય નાગરીકો સલામત પાછા આવી જાય એના પર જ અમારૂ સમગ્ર ધ્યાન કેન્દ્રીત થયું છે. યુનોમાં ભારતીય વિદેશ મંત્રીએ અફઘાનિસ્તાન મુદ્દા પર બેઠકોનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

જયશંકરે યુનોના મહાસચિવ એન્ટોનીયો ગુટેરેશ સાથે પણ વાતચીત કરી હતી. સલામતી સમીતિની એક બેઠક ભારતના અધ્યક્ષ સ્થાને યોજાઇ ચુકી છે. વિદેશ મંત્રી જયશંકર અન્ય દેશોના નેતાઓને પણ મળી રહયા છે. અમેરીકાના વિદેશ મંત્રી પણ હાજર છે.

ભારતે કાબુલ ખાતેનો દુતાવાસ તો ખાલી કરાવી દીધો છે. રાજદૂત સહિતનો સ્ટાફ સલામત વતન પરત આવી ગયા છે. હવે બીજા નાગરીકોને પણ લાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.(૨.૧૧)

# આયાતી ખાદ્ય તેલનું ભારણ ઘટાડવા રૂ.૧૧૦૪૦ કરોડની યોજના

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૯

ખાદ્ય તેલોની આયાત પરનું અવલોકણ ઘટાડવા અને કિંમતી વિદેશી હુડીયામણ બચાવવા માટે તૈયાર કરાયેલી રૂ.૧૧૦૪૦ કરોડની મહત્વ કાંક્ષી ખાધ્ય તેલ અને પામ ઓઇલ નેશનલ મીશન યોજનાને ગઇકાલે કેન્દ્ર સરકારે લીલી ઝંડી આપી દીધી હતી. કેબીનેટની બેઠક બાદ માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે યોજનાની વિગતો મીડિયા સમક્ષ રજૂ કરી હતી.

તેલીબીયા ઉત્પાદનનો જમીની વિસ્તાર વધારવા, પામ ઓઇલનું ઉત્પાદન વધારવા અને તેલીબીયા માટેના પાર્કને વધુ મદદ પહોંચાડવા માટે આ મહત્વ કાંક્ષી યોજના તૈયાર કરવામાં આવી છે. દેશ પાસે જેટલી ક્ષમતા છે તેનો ઉપયોગ કરીને ઘર આંગણે ઉત્પાદન વધારી ખાદ્ય તેલોની આયાત પરનો અવલોકન ઘટાડવામાં આવશે. પામ ઓઇલ ઉત્પાદકોને વ્યાજબી ભાવ માટેની ખાત્રી પણ આપવામાં આવી છે.



ઠાકુરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ૧૫મી ઓગસ્ટ આઝાદી દીને લાલ કિલ્લા પરથી આ નવી કેન્દ્રીય યોજના જાહેર કરી હતી. ખાદ્ય તેલોની મોટા પાયે આયાત કરવી પડે છે એટલે ઘર આંગણે જ ખાધ્ય તેલોનું ઉત્પાદન વધે એ મહત્વનું છે. પામ ઓઇલના ઉત્પાદન માટે નોર્થ ઇસ્ટના રાજયો અને અંદમાન અને નિકોબાર ટાપુની ભૂમી અનુકુળ હોવાથી સમગ્ર ધ્યાન તેના પર કેન્દ્રીત કરવામાં આવશે.

કર્ણાટકા અને કેરળ પણ પામ ઓઇલના ઉત્પાદન માટે અનુકુળ હોવાથી તેના પર ધ્યાન આપી શકાય તેમ છે. જો એવું બને તો પામ ઓઇલ અને અન્ય ખાદ્ય તેલોનું ઉત્પાદન ઘર આંગણે મોટાપાયે વધી શકે તેમ છે. કરોડો રૂપિયાનું વિદેશી હૂંડીયામણ પણ બચાવી શકાય તેમ છે. વડાપ્રધાન દેશને પામ ઓઇલ ઉત્પાદનમાં આત્મ નિર્ભર બનાવવા માગે છે. ભારતને તેની જરૂરીયાતના ૬૦ ટકા જેટલુ ખાધ્ય તેલ આયાત કરવું પડે છે. અત્યારે સૌથી મોટો આયાતકાર ભારત જ છે. વર્ષે દહાડે ભારત ૧ કરોડ ૩૦ લાખ ટન જેટલુ ખાદ્ય તેલ વિદેશથી આયાત કરે છે જેમાં મોટો જથ્થો પામ ઓઇલનો હોય છે. આ લાગણીનો પડધો વડાપ્રધાને વ્યકત કર્યો હતો અને લાલ કિલ્લા પરથી જણાવ્યું હતું કે, જો ઘઉં, ચોખા, ખાંડના ઉત્પાદનમાં ભારત આત્મનિર્ભર થઇ શકયું હોય તો ખાદ્ય તેલોની આયાત શું કામ ઘટાડી ન શકે.(૨.૧૧)

## ખાદ્ય તેલ-પામ ઓઇલ નેશનલ મિશનને મોદી સરકારની મંજુરીઃ તેલીબીયાનાં ઉત્પાદન અને પામ ઓઇલના ઘર આંગણે ઉત્પાદન પર જોરઃ ખદ્ય તેલોની આયાત ઘટાડી વિદેશી હૂંડીયામણ બચાવવાનું આયોજનઃ ૧૫ ઓગસ્ટ આઝાદી દિને વડાપ્રધાને લાલ કિલ્લા પરથી યોજના જાહેર કરી હતી

# ભારત સાથેનો આયાત-નિકાસ વ્યવહાર બંધ કરતા તાલીબાનો

## કાબુલ પર કબજો જમાવતા વેત આદેશ બહાર પાડયોઃ પાકિસ્તાન રૂટ માલના ટ્રક પણ અટકાવી દીધા

નવી દિલ્હી, તા.૧૯

કાબુલ સહિત સમગ્ર અફઘાનિસ્તાન પર સંપૂર્ણ કબજો જમાવી દીધાનાં બીજા જ દિવસે તાલીબાનોએ ભારત સાથે આયાત અને નિકાસ વ્યવહાર બંધ કરવાનો આદેશ આપ્યો છે. ભારતમાંથી થતી તમામ પ્રકારની આયાત અને ત્યાં થતી નિકાસોને અટકાવી દેવામાં આવી છે. ભારતીય નિકાસ સંગઠનના ફેડરેશનના વડા ડો.અજય સહાયે જણાવ્યું હતું કે, પાકિસ્તાનના માર્ગે થતી તમામ વ્યાપારી અવર-જવર તાલીબાનોના શાસકોએ અટકાવી દીધી છે. અફઘાનિસ્તાન સાથેની આયાત-નિકાસો પર રોક લાગી ગઇ છે. આપણે પરિસ્થિતિ પર નજર રાખી રહયા છીએ. પાકિસ્તાનના માર્ગેથી આપણે અફઘાનિસ્તાનમાંથી આયાતો પણ કરીએ છીએ પરંતુ પાકિસ્તાના તમામ રૂટ તાલીબાનોએ બંધ કરી દીધા હોવાથી ભારત સાથેનો આયાત નિકાસ માર્ગ પણ બંધ થઇ ગયો છે. ભારતે ૨૦૨૧ અત્યાર સુધીમાં ૮૩.૫૦ કરોડ ડોલર જેટલી નિકાસો કરી છે એ જ રીતે અફઘાનિસ્તાનથી ૫૧ કરોડ જેટલા માન સમાનની આયાત પણ કરવામાં આવી છે. વેપાર ઉપરાંત ભારતે અફઘાનિસ્તાનમાં મોટા પ્રમાણમાં રોકાણ પણ કર્યુ છે. ભારતે ૩ અબજ ડોલરનું રોકાણ કર્યુ છે. ભારતની મદદથી ૪૦૦ જેટલા પ્રોજેકટ ચલાવવામાં આવી રહયા છે. અત્યારે માત્ર દુબઇ રૂટ શરૂ હોવાથી થોડા ઘણાં માલ-સમાનની આયાત કરી શકાશે. ભારતનું ખુબ જ મહત્વનું વેપારી સાથી અફઘાનિસ્તાન હંમેશા રહયું છે. ભારત ચા, દવાઓ, ખાંડ, કોફી, મરી મસાલા, ટ્રાન્સમીશન ટાવર વગેરેની નિકાસ કરે છે. અફઘાનિસ્તાનથી આપણે મોટા ભાગે ડ્રાયફૂટની આયાત કરીએ છીએ. થોડા ઘણાં પ્રમાણ ડુંગળી અને ગુંદરની પણ આયાત કરીએ છીએ.(૨.૧૧)

# હરિયાણામાં 'ગોરખ ધંધા' શબ્દ પર પ્રતિબંધ

## ગોરખ સમાજની રજૂઆતોને પગલે હરીયાણા સરકારનું આશ્ચર્યજનક પગલુંઃ અનીતિના કામો કે ધંધા માટે ગોરખ ધંધા શબ્દ વપરાય છે, પણ...

## ગોરખનાથ મઠ અને ગોરખપુરના ડેલિગેશન શબ્દ સામે વાંધો લીધોઃ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ કટ્ટરે શબ્દ પર મુકયો પ્રતિબંધ!!

**(એજન્સી સમાચાર)**

ચંદિગઢ, તા.૧૯

કોઇ અનૈતિક કામો કે ભ્રષ્ટાચારી પ્રવૃતિ પર પ્રતિબંધની વાતો સાંભળતા રહયા છીએ, કોઇ અપરાધી કે આતંકી સંગઠન પર પ્રતિબંધ મુકાતો જોતા આવ્યા છીએ. પણ ભારતના ઇતિહાસમાં અગાઉ કદી એવું જોવા મળ્યું નથી કે, સામાન્ય વાતચીતમાં કે ભાષામાં વપરાતા કોઇ શબ્દ પર કોઇ રાજયમાં પ્રતિબંધ મુકી દેવાયો હોય! હા ખરેખર આવી ઘટના બની છે. હરિયાણામાં 'ગોરખ ધંધા' શબ્દના ઉપયોગ પર રાજય સરકારે બાકાયદા પ્રતિબંધ લાગુ કરી દીધો છે. ગોરખનાથ સમાજ તરફથી થયેલી રજૂઆતોને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે આ શબ્દના ઉપયોગ પર પ્રતિબંધની વાત માનીને ફરમાન પણ બહાર પાડી દીધુ છે.

કોઇ પણ પ્રકારના અનૈતિક કામો કે ભ્રષ્ટાચારી રીત રશમોના ઉલ્લેખ માટે આ શબ્દ ગોરખ ધંધા વપરાતો હોય છે. પરંતુ ગઇકાલે ગોરખનાથ સમાજનું એક પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીને મળ્યું હતું અને આ શબ્દના ઉપયોગ સામે વાંધો લીધો હતો. બાદમાં સરકારી પ્રવકતાએ જાહેર કર્યુ હતું કે, ગુરૂ ગોરખનાથનાં અનુયાયીઓ તથા ગોરખ મઠની લાગણીઓને ધ્યાનમાં રાખીને રાજય સરકારે આ શબ્દ પર પ્રતિબંધ લાગુ કરી દીધો છે.

૧૧મી સદીમાં થઇ ગયેલા યોગી ગુરૂ ગોરખનાથને હિન્દુ સમાજની નાથ ચરવળના અને મઠના

(અનુ.પાના નં.૪ ઉપર)

# લવ જેહાદ કાયદાની ચોક્કસ કલમો સામે મનાઇ હુકમ આપતી હાઇકોર્ટ

## માત્ર આંતર ધર્મીય લગ્નના આધારે એફઆઇઆર કરી શકાય નહીં, અદાલતનું અવલોકનઃ ગુજરાત હાઇકોર્ટ દ્વારા કાયદાની કલમ ૩, ૪, ૫ અને ૬નાં સુધારા સામે સ્ટે



અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં લાગુ કરવામાં આવેલા લવ જેહાદના કાયદા અંગે આજે સઘન સમીક્ષા હાથ ધરીને હાઇકોર્ટે કેટલીક વાંધા જનક કલમો સામે મનાઇ હુકમ આપ્યો હતો. કાયદાનું અવલોકન કરતા હાઇકોર્ટે સ્પષ્ટ ટકોર કરી હતી કે, માત્ર આંતર ધર્મીય લગ્ન થઇ રહયા હોય તેના આધારે એફઆઇઆર નોંધી શકાય નહીં. હાઇકોર્ટે લવ જેહાદનું અવલોકન કરતા એવું પણ ઠરાવ્યું હતું કે, આવા લગ્નમાં લોભ અને લાલચ પુરવાર કર્યા વિના એફઆઇઆર દાખલ કરી શકાય નહીં. કાયદાની કેટલીક વાંધાજનક લાગતી કલમો ૩, ૪, ૫ અને ૬ સામે હાઇકોર્ટે મનાઇ હુકમ ફરમાવ્યો હતો. આ રીતે લવ જેહાદના કાયદાના અમલી કરણ માટે હાઇકોર્ટે સુચક દિશા નિર્દેશો કર્યા છે. હાઇકોર્ટના આદેશ બાદ આડેધડ નોંધાતી એફઆઇઆર પર બ્રેક લાગશે એવું કાયદા નિષ્ણાંતોનું માનવું છે.(૨.૧૧)

# પશ્ચિમ બંગાળના ચૂંટણી પછીના તોફાનોની તપાસ સીબીઆઇને સોંપવા કોલકત્તા હાઇકોર્ટનો આદેશ



**(એજન્સી સમાચાર)**

કોલકત્તા, તા.૧૯

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ બાદ વ્યાપક પ્રમાણમાં થયેલી હિંસા, હત્યા, લૂંટ, રેપની ઘટનાઓની તપાસ સીબીઆઇને સોંપવાનો આજે કોલકત્તા હાઇકોર્ટે આદેશ આપ્યો હતો. તમામ આક્ષેપો અને હિંસાની ઘટનાઓની તપાસ સીબીઆઇ દ્વારા કરવામાં આવશે. હાઇકોર્ટનો આદેશ

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

## ગોંડલના યુવા પત્રકાર રવિ રામાણીનો આવતી કાલે જન્મદિવસ



સૌરાષ્ટ્રમાં વુમન એન્ડ ચાઈલ્ડ સેફ્ટી ફાઉન્ડેશન સસ્થામાં અધ્યક્ષ તરીકે ફરજ અદા કરી રહ્યા છે અને ડીઝીટલ મીડિયાનું પ્રતિનિધિત્વ કરતા યુવા પત્રકાર રવિભાઈ રામાણીનો આજે જન્મદિવસ છે પોતાની તેજાબી કલમથી અનેક કિસ્સાઓ તેઓ પ્રજા સમક્ષ લાવી ચુક્યા છે અને ઘણા કિસ્સાઓ પોતાના કેમેરે કંડારી પ્રસિદ્ધ કર્યા છે સામાજિક ક્ષેત્રે પણ નોંધનીય પ્રવૃતિઓ કરી માનવ સમાજમાં અનેક પ્રેરણાકિય ઉમદા દાખલાઓ બેસાડ્યા છે એવા રવિભાઈ રામાણી આજે પોતાના જીવન સફર ના ૨૫વર્ષ પૂર્ણ કરી ૨૬ માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે બહોળો મિત્ર વર્ગ ધરાવતા રવિભાઈ રામાણીને તેઓના મોબાઈલ નંબર ૮૪૯૦૦૦૦૯૧૦ શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.(૪.૧૨)


સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરોઃ

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

### પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલાનો આક્ષેપ

# ભાજપની 'જન આશીર્વાદ યાત્રા' એટલે સરકારી મશીનરીનો બેફામ દૂરઉપયોગ



રાજ્યની દરેક ગૃહિણીનું રસોડાનું બજેટ ખોરવાયું છે. એવા સમયે ભાજપનાં આગેવાનો ક્યાં મોઢે જન આશીર્વાદ મેળવવા નિકળ્યા છે?: ગાયત્રીબા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

ભાજપની જન આશિર્વાદ યાત્રા એટલે સતાનો ભપકો, સરકારી તંત્રનો, સરકારી મશીનરીનો બેફામ દૂર ઉપયોગ હોવાનો આક્ષેપ ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસનાં પ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ કર્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ભા.જ.પ ની જન આશીર્વાદ યાત્રા એટલે સતાનો ભપકો. સરકારી તંત્રનો, સરકારી મશીનરીનો બેફામ દૂર ઉપયોગ, કોવિડ- ૧૯ નાં નિયમો કેન્દ્રીય આરોગ્ય મંત્રીની હાજરીમાં ધજીયા ઉડતા હોય તે પ્રકારનાં કાર્યક્રમો, પ્રજાના પ્રશ્ને અવાજ ઉઠાવતા વિપક્ષને જેલમાં ધકેલતી પોલીસ અને વહીવટી તંત્ર ભાજપ સરકાર સામે કાયદાકીય પગલાઓ ભરવામાં ફરી એકવાર લાચાર સાબિત થઇ.

કોરોના કાળમાં હોસ્પિટલોમાં જગ્યા મેળવવા માટે વેન્ટીલેટરો સાથેનાં બેડ મેળવવા માટે, રેમડેસીવીર ઇન્જેકશનો, ઓકિસજન સહિતની સુવિધાઓ માટે સમગ્ર રાજ્યમાં લોકો સતત લાઈન લગાવી ઉભેલા જોવા મળ્યા હતા અને સરકારી તંત્રની બેદરકારીનાં કારણે સમગ્ર રાજ્યમાં અનેક લોકોએ પોતાના વ્હાલસોયા પરિવારનાં ગુમાવ્યાનો ગમ છે.

ત્યારે પ્રજાનાં રોષમાં ગુજરાત સરકારની ભૂમિકા સામે સવાલો ઉઠતા કેન્દ્રીય મંત્રીઓનું આખું ઘટક ભાજપ નાં પ્રચાર અર્થે ગુજરાતમાં ઉતારવામાં આવ્યું છે! અને આ જન આશીર્વાદ યાત્રાએ માત્ર ભાજપ નાં કાર્યકરો અને તેની ભગીની સંસ્થાઓ દ્વારા ઠેર-ઠેર સતાનો ભપકો ઉભો કરી સરકારી તંત્ર પાસે પ્રસાર-પ્રચારનાં સાહિત્ય સહિતની કામગીરી કરાવવામાં આવી રહી છે. શહેરનું પોલીસ તંત્ર અને સમગ્ર વહીવટી તંત્ર છાશવારે આમ પ્રજાને નિયમો દેખાડી ગુન્હાઓ દાખલ કરે છે. તોતિંગ દંડ વસુલે છે. પરંતુ આજે આ આશીર્વાદ યાત્રામાં કોવિડનાં નિયમો પળાવવામાં વામણુ પુરવાર થયું છે. તેવો આક્ષેપ કર્યો છે. સમગ્ર રાજ્યની જનતા ભયંકર મોંઘવારીનાં મારથી પીડાઈ રહી છે. યુવાનો રોજગારીની તકો ગુમાવી રહ્યા છે. નાના-ઉદ્યોગો પડી ભાંગ્યા છે. જીવન જરૂરી ચીજવસ્તુઓ, પેટ્રોલીયમ પેદાશો, ગેસ સીલીન્ડર, સી.એન.જી તેમજ શિક્ષણની તોતિંગ ફી તોડી નાખી છે.

રાજ્યની દરેક ગૃહિણીનું રસોડાનું બજેટ ખોરવાયું છે. એવા સમયે ભાજપ નાં આગેવાનો ક્યાં મોઢે જન આશીર્વાદ મેળવવા નિકળ્યા છે. સાચા જન આશિર્વાદ મેળવવા હોય તો મોંઘવારી ઓછી કરો. સમગ્ર રાજ્યમાં વિદ્યાર્થીની શિક્ષણની ફી માફ કરી. સામાન્ય અને ગરીબ માણસને તેના બેંક ખાતામાં સીધી જ આર્થિક સહાય મળી રહે તેવા પગલાઓ ભરો. કોરોના મહામારી સમયે પોતાના સ્વજનો ગુમાવનાર રાજ્યના અંદાજીત બે લાખથી ઉપરનાં લોકોને રૂપિયા ચાર લાખની આર્થિક સહાય આપો. કોરોના સમયે ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવનાર દરેક દર્દિને ખાનગી હોસ્પિટલનું તોતિંગ બીલ જે આપવામાં આવ્યું હતું. તેવા તમામ કોવિડ સેન્ટરોનાં આવા બીલો સરકાર દ્વારા ચુકવવામાં આવે. તેમ ગાયત્રીબા વાઘેલાએ સરકાર પર આકરા પ્રહારો કરી આક્ષેપો કર્યા હતા.(૧.૧૨)

### યુવાનોના શારીરિક અને માનસિક વિકાસના હેતુથી

# રાજ્ય સરકાર દ્વારા 'મોબાઈલ ટુ સ્પોર્ટ્સ' સ્પર્ધા યોજાશે

**સીડી તૈયાર કરી ૧૮ સ્પટેમ્બર સુધીમાં જિલ્લા રમતગમત કચેરી ખાતે મોકલવાની રહેશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા.૧૮

ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક રીતે સશક્ત બનાવવા અને કોરોના (કોવિડ-૧૯)ની મહામારીના વિષમ સંજોગોમાં સોશિયલ મીડીયા તથા વીડીયો ગેઇમ્સ જેવી પ્રવૃતિઓમાં અત્યંત કીમતી સમય વેડફતા યુવાધનને રમતગમતની પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવા અને યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે કરવાના હેતુથી રાજયસરકારએ 'મોબાઇલ ટૂ સ્પોર્ટ્સ'યોજના અમલમાં મુકી છે, જે અન્વયે ફેસબુક પેજ, યુ ટ્યુબ ચેનલ, રેડિયો ચીશુ, ટેલિવિઝન તેમજ સોશિયલ મીડિયા સંબંધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડિયો/ વિડિયો કલીપ રજૂ કરી યુવાનોને રમતગમતની પ્રવૃત્તિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરીઓ દ્વારા સંયુક્ત રીતે વાદન (વાંસળી, તબલા, હાર્મોનિયમ) સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં ૬ થી ૧૪ વર્ષ સુધીના, ૧૫ થી ૨૦ વર્ષ સુધીના, ૨૧ થી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજુથમાં ભાગ લઇ શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા ઉમેદવારોએ નિયત નમૂનાનું ફોર્મ ભરી, સ્પર્ધામાં મોકલવા માટેની વિડિયો ક્લિપની સી.ડી. તૈયાર કરી તા.૧૮/૦૯ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, રાજકોટ-ગ્રામ્ય, ૫/૫ બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ ખાતે મોકલવાની રહેશે.

જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧,૦૦૦ દ્વિતીય વિજેતાને રૂ.૭૫૦ તેમજ તૃતીય વિજેતા રૂ.૫૦૦ ઇનામ આપવામાં આવશે. રાજ્યકક્ષાની સ્પર્ધા માટે ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે, જે પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦ દ્વિતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦, તૃતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦ એમ ત્રણ ઇનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫,૦૦૦ (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઇનામ આપવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી 'મોબાઇલ ટૂ સ્પોર્ટ્સ' યોજના અંતર્ગત ફેસબુક પેજhttps://www.facebook.com/mobile2sports અને યુ ટયુબ લીંક http://www.yotube.com/channel/UCzsjROvtHpN4rkensUaz-g પરથી મળી શકશે.

તેમ (ડી.જે.વાઘેલા) જિલ્લા યુવા વિકાસ અધિકારી રાજકોટ જિલ્લાની યાદીમાં જણાવાયું છે.(૪.૧૩)

## સોમનાથ મહાદેવને શ્રીનાથજી શ્રૃંગાર દર્શન



સોમનાથઃ શ્રી સોમનાથ મહાદેવને ગઇકાલે શ્રીનાથજી શ્રૃંગાર દર્શન કરવામાં આવ્યા હતો. તે તસ્વીરમાં નજરે પડે છે. આજે સાંજે પવિત્રા શ્રૃંગાર દર્શન સાથે વિશેષ પૂજન-અર્ચન કરાશે.(૯.૪)

# આજે 'વિશ્વ માનવતાવાદી દિવસ'



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

૧૯૮૦ નાં દાયકાથી વિશ્વ માનવતાવાદી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી દિવસ એ જે માનવતાવાદી કર્મચારીઓએ માનવતાવાદી કારણોસર પોતાનું જીવન ગુમાવ્યું હોય તેમને સમર્પિત છે. તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં હ્યુમનિસ્ટ્સને ધ્યાનમાં રાખીને, વિશ્વમાં હકારાત્મકતા લાવવા માટે માનવતાવાદ વિશેની સભાનતા પ્રગટાવવાનો છે. યુએનના બગદાદના મુખ્ય મથક પર બોમ્બ ધડાકામાં વિએરા ડી મેલો અને તેના ૨૧ સાથી એવા માનવતા ચિકિત્સકોનાં મોતને યાદ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા ૧૯મી ઓગસ્ટનાં દિવસે 'વિશ્વ માનવતાવાદી દિવસ' ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

દરેક કાર્યોમાં માનવ જ મુખ્ય છે. તેના આધારે જ જગતમાં ધાર્મિક્તા, સત્યતા, સદભાવના, સૃષ્ટિનો વિકાસ સૃષ્ટિનું બંધારણ સહયોગ બની રહ્યો છે. અખા ભગત કહેતા કે, 'તું જ તારો ગુરૂ થા.' ભગવત ગીતાનું એક સૂત્ર આપણે સહુને હૈયામાં રાખવા જેવું છે કે ઇશ્વર સર્વભૂતનાં હૃદયે અર્જુન તિષ્ઠતિથ ઇશ્વર દરેક માનવની માનવતાનાં હૃદયમાં રહેલો છે. આમ દરેક દેશ-વિદેશમાં દરેક ધાર્મિકતામાં, દરેક શાસ્ત્રોમાં, દરેક વિજ્ઞાનમાં માનવ જ મુખ્ય છે અને માનવતા એ તેનો મુખ્યધર્મ છે. (૬.૧૩)

આલેખન- મિતલ ખેતાણી

# માણાવદરના મરમઠ ગામે પુર સંરક્ષણ દિવાલ બનશેઃ મંત્રી ચાવડ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

પ્રવાસન મત્સ્યોદ્યોગ મંત્રી જવાહરલાલ ચાવડાએ આનંદ વ્યક્ત કરતા જણાવેલ, સૌના સાથ..સૌના વિકાસ સાથે આજે ગુજરાત રાજ્ય વિકાસની હરણફાળ ભરી રહ્યો છે ત્યારે

રાજ્ય સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર દ્વારા જુનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના મરમઠ ગામે વાછરાદાદાના મંદિર પાસે પુર સંરક્ષણ દીવાલના કામને સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. જે અંદાજે રૂ. ૩૦ લાખના ખર્ચે બનાવવામાં આવશે. મંજુર થયેલ પુર સરંક્ષણ દિવાલની કામગીરી ગુણવત્તાસભર અને સમયસર પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચના આપવામાં આવેલ છે. ઘણા લાંબા સમયથી પડતર પ્રશ્નનો હલ થવાથી મરમઠ ગામના લોકોમાં આનંદની લાગણી વ્યાપેલ છે. (૬.૧૩)

# કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં 'આપ'માં જોડાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

આમ આદમી પાર્ટી શહેર એકમ દ્વારા વોર્ડનં. ૧૮, કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં જોડાયા હતા. શહેર ઈસ્ટ ઝોન પ્રભારી અનિલભાઈ ઠુમ્મર, વોર્ડ પ્રભારી કલ્પેશભાઈ કાચા, પ્રમુખ રાજેશભાઈ વી. ડાંગરીયા, સંગઠન મહામંત્રી હિતેષભાઈ એમ.પ્રજાપતી, મહામંત્રી દિનેશભાઈ ડી. ખાટરીયા તથા મહિલા કાર્યકર છાયાબેન પટેલ, ઉવર્શીબેન હરણેશાની જહેમતથી આ કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો. આ પ્રસંગે રાજકોટ શહેર અધ્યક્ષ શિવલાલ પટેલ, મહામંત્રી સંજયસિંહ વાઘેલા, સંગઠન મહામંત્રી રાહુલભાઈ ભુવા, સેન્ટ્રલ ઝોન પ્રભારી વિપુલભાઈ તેરૈયા, ઈસ્ટ ઝોન પ્રભારી રાકેશભાઈ સોરઠીયા અને શહેર મહિલા પ્રમુખ રાજલબેન ગઢવી, મહિલા સંગઠન મહામંત્રી તનુજાબેન દોશી, મહિલા મહામંત્રી હર્ષાબેન શેઠની ઉપસ્થીતીમાં પ્રાસંગીક ઉદબોદન કરાયું હતું અને મહિલા તથા પુરૂષો આમ આદમી પાર્ટીમાં વિધીવત રીતે જોડાયા હતા. બાબતની શહેર અધ્યક્ષ શિવલાલ પટેલની અખબારી યાદી જણાવે છે.(૬.૧૨)

# પામોલીન તેલમાં ૧૮ દિવસ બાદ રૂ.30નો ઘટાડો



### ૧૮ દિવસમાં રૂ. ૧૧૦નો વધારો થયો હતો

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

રાજકોટઃ અંદાજિત એક માસથી મુખ્ય તેલ અને સાઈડ તેલમા સતત તેજી જોવા મળી રહી છે. ચાલુ ઓગસ્ટ માસમાં જોઇએ તો પામોલીન તેલમાં ૧૮ દિવસમાં ૭ વખત પામ તેલના ભાવ વધ્યા છે. આ ભાવ વધારો રૂ.૧૧૦ નો છે. જ્યારે બુધવારે પહેલી વખત ભાવ ઘટ્યા હતા. જે માત્ર રૂ. ૩૦ હતા. બુધવારે ભાવ ઘટ્યા બાદ પણ પામોલીન તેલનો ભાવ રૂ.૨૦૦૦ ની સપાટીથી ઊંચો રહેતા ભાવ રૂ.૨૦૭૦ બોલાયો હતો. હાલ તહેવારની સિઝનને કારણે તેલનો વપરાશ વધ્યો છે. ઘર વપરાશ અને હોટેલ- રેસ્ટોરન્ટના ધંધાર્થી અને ફરસાણના વેપારીઓ હાલ અત્યારથી જ સાતમ- આઠમની ખરીદી ચાલુ કરી દીધી છે. જ્યારે વરસાદ ખેંચાવાને કારણે મગફળીની આવક બજારમાં ઓછી થઈ રહી છે. ભાવ વધશે એ ધારણાએ કેટલાક વેપારીઓ- ખેડૂતો વેચવાનું ટાળી રહ્યા છે, તો બીજી બાજુ કપાસની ડિમાન્ડ છે, પરંતુ હાલમાં તેની આવક પ્રમાણમાં નહિવત છે.આમ,મગફળી અને કપાસ બન્ને પિલાણમાં ઓછા આવી રહ્યા છે. આ સિવાય તહેવારને લઇને જે વેપારીઓની પાઈપ લાઈન ખાલી હતી તે ભરી રહ્યા છે.બજારમાં ડિમાન્ડ નીકળતા ઊંચા ભાવે સોદા પડી રહ્યા છે અને તેના ભાવ વધી રહ્યા છે. સાતમ- આઠમના તહેવારને અનુલક્ષીને હજુ તેલમાં ઉછાળો આવશે તેમ વેપારીઓ જણાવી રહ્યા છે. તહેવાર સમયે જ તેલના ભાવમાં વધારો આવતા ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે.(૯.૪)

# ઉપલેટા તાલુકા શાળાના શિક્ષિકાનું પ્રભાવશાળી શિક્ષક તરીકે સન્માન



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
ઉપલેટા તા. ૧૯

ઉપલેટા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ઉપલેટા શહેરની તાલુકા શાળામાં ફરજ બજાવતા મહિલા શિક્ષક કોમલબેન કોઠડીયાનું કોરોના કાળમાં અને તેમની શૈક્ષણિક સારી અને પ્રબળ કામગીરીને લઈને ગત તા. ૧૫ ના રોજ સ્વતંત્ર દિવસની પરેડ અને ઉજવણીમાં ઉપલેટા તાલુકા વહીવટી તંત્ર દ્વારા ઉપલેટા મામલતદાર અને ઉપલેટા વહીવટી તંત્રની હાજરીમાં પ્રભાવશાળી શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારે આ સારી કામગીરી બદલ સન્માન થતા તેમને ઉપલેટા તાલુકા શાળાનું અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. (૬.૧૩)

### યુ.જી.સી રેમેડીયલ કોચિંગ સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિ. અંતર્ગત

# છાત્રોને 'સોફેસ્ટીકકેટેડ ઇન્સ્ટ્રુમેન્ટ' પર નિઃશુલ્ક તાલીમનું આયોજન

### ૫૦ કલાકની કાર્યશાળાનાં ઉદ્દઘાટનમાં સૌ.યુનિનાં કુલપતિ, ઉપકુલપતિ, પ્રો.એસ.એસ.જોષી, રંજનબેન ખૂંટ અને છાત્રો ઉપસ્થિત રહ્યા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

યુ.જી.સી. રેમેડિયલ કોચીંગ સેન્ટર, સી.સી.ડી.સી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને રસાયણશાસ્ત્ર ભવનનાં સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓની રોજગારી માટે ઉપયોગી કારર્કિદીલણી ઉદ્યોગો અને સંશોધનમાં ઉપયોગી એન.એમ.આર. (ન્યૂકિલયર મેગ્નેટીક રેઝોનન્સ), એફ.ટી.આઈ.આર. સ્પેકટ્રોસ્કોપી, યુવી- વિઝીબલ સ્પક્ટ્રોસ્કોપી, માસ સ્પેક્ટ્રોસ્કોપી વગેરે સોહેસ્ટીકેટ સંશોધન સાધનો કે જે મોટાભાગની કેમીકલ તથા ફોરેન્સિક લેબોરેટરીઓમાં પૃથ્થકરણ તથા સંશોધાત્મક પ્રયોગોનાં એનાલીસીસ માટે વપરાય છે. તેનું ભાન એમ.એસ.સી. કેમેસ્ટ્રીમાં અભ્યાસ કરતાં છાત્રોને મળે તો ભવિષ્યમાં છાત્રોને રોજગારીની વિપુલ તકો ઝડપી શકાય તે ઉદ્દેશથી રસાયણશાસ્ત્ર ભવનનાં અધ્યક્ષ પ્રો. એચ.એસ. જોષીનાં માર્ગદર્શન હેઠળ ભવનનાં રેમેડિયલ કોચિંગનાં સંયોજક ડો.રંજનબેન ખૂંટ મારફત ૫૦ કલાકની પ્રોગોગીક કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૦૧ જેટલા વિધાર્થીઓને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવનાર છે. આ વર્ગનાં ઉદ્દઘાટન સત્રમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. નિતીનભાઈ પેથાણી, ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેશાણી, પ્રો. એસ.એસ.જોષી, ડો. રંજનબેન ખૂંટ, નોંધણી કરાવનાર છાત્રો ઉપસ્થિત રહેલ હતાં.(૬.૧૨)

### જીનીયસ લક્ષ્ય શ્રેણી અંતગર્ત

# લેટસ ક્રેક UPSC સહિતના વિષય પર માર્ગદર્શન આપતા નિષ્ણાંત અનુરાજ ગુપ્તા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

**વિદ્યાર્થીઓએ પુછેલા પરીક્ષાલક્ષી પ્રશ્નોનું વિસ્તૃતમાં ચર્ચા કરી નિરાકરણ અપાયું**

રાજકોટની જાણીતી જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપરાંત કોઇપણ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી, યુવાનો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા પ્રોફેશનલ્સ માટે અભ્યાસ માર્ગદર્શન ઉપરાંત કૌશલ્ય તાલીમ તેમજ વિવિધ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરિક્ષાઓના માર્ગદર્શન અને તે વિષયના અનુસંધાનમાં મુંઝવતા પ્રશ્નોના સમાધાન માટે જીનિયસ લક્ષ્યથ શ્રેણી ચલાવવામાં આવે છે. તાજેતરમાં યોજાયેલ જીનિયસ લક્ષ્યથ અંતર્ગત "લેટ્સ ક્રેક UPSC અને IAS, IPS, IRS, IFS બનીએ" વિષય ઉપર IRPS (ઈન્ડિયન રેલવે પર્સનલ સર્વિસ), સેન્ટ્રલ ગવર્નમેન્ટના અ ગ્રેડ ઓફીસર અનુરાજ ગુપ્તા દ્વારા વિષય નિષ્ણાંત તરીકે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગુપ્તા દ્વારા સહભાગીઓને UPSCની પરીક્ષાઓમાં કેવા પ્રકારની તૈયારીઓ કરીને તેમાં ઉતિર્ણ થવું તે વિષય ઉપર માર્ગદર્શન પરુ પાડયું હતું. તેઓ એક વહીવટી અધિકારી હોવાથી તેમના અનુભવ અને જ્ઞાનના નિચોડથી વિદ્યાર્થીઓને UPSCની પરિક્ષામાં સારા ગુણાંક સાથે પાસ થઈને IAS, IPS, IRS, IFS ઓફીસર કેવી રીતે બની શકાય તેની બારીકાઈથી માહિતી આપી હતી. UPSCની તૈયારી કરવી સંતુલન અને અભિગમ વચ્ચે ભેદ સમજવો, સમયનો સદઉપયોગ કેવી રીતે કરવો, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સંતુલન કેવી રીતે જાળવવું, લક્ષ્ય નિર્ધારીત કરવું અને સૌથી અગત્યનું આ તમામ બાબતો સાથે સકારાત્મક અભિગમ કેળવવો વગેરે મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરીને વિદ્યાર્થીઓએ પુછેલા પ્રશ્નોનું સચોટ નિરાકરણ આપ્યું હતું. (૬.૧૩)

### રક્ષાબંધન પર્વ અંતર્ગત ગૌ હત્યા પર પ્રતિબંધ લાદવા માટે

# બ્રહ્મસેના દ્વારા વડાપ્રધાન અને મુખ્યમંત્રીને લેખીત રજૂઆત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

આગામી રક્ષાબંધન પર્વ અંતર્ગત હું તારો ભાઈ, તું મારી બહેનનાં સૂત્ર હેઠળ મહિલાઓના શિક્ષણ રોજગાર અને રક્ષણ માટે બ્રહ્મસેના અધ્યક્ષ જગદીશભાઈ રાવલે જાહેર આમંત્રણ પાઠવેલ છે. કોઈને ભાઈની ખોટ હોય તો હું સ્વયં ધર્મની બહેન બનાવા નમ્ર અપીલ કરું છું તથા ગૌ રક્ષા માટે હત્યા ઉપર પ્રતિબંધ લાદવા આગામી તા.૧૮ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતેથી લેખિત રજૂઆત કરેલ.

સોમનાથ ખાતે ત્રિવેણી ઘાટ ઉપર પ્રતિબંધ બાદ બ્રહ્મસેના દ્વારા સોમનાથનાં સ્થાનિક બ્રાહ્મણોનાં ઉપવાસ આંદોલનના સમર્થનમાં સફળ રજૂઆત બાદ બ્રહ્મ સેના સ્થાપક અધ્યક્ષ જગદીશ રાવલે વિવાદનાં અંત ઉઠેલ બાદ શુભેચ્છા સંદેશ પત્ર પાઠવેલ. ત્રિવેણી સંગમ ઉપર પિંડદાન માટે આવતીકાલે તર્પણ કરાશે.(૭.૧૨)

## તંત્રી સ્થાનેથી...

### હિમનદીઓ વિનાશક બનશે??

ઉત્તરાખંડમાં હિમનદીએ વિનાશ વેરેલા વિસ્તારોનો ઈતિહાસ બહુ જૂનો નથી. પ્રવાસપ્રિય ગુજરાતમાં તો એવા પરિવારો પણ છે જેમણે હિમપ્રપાતમાં પોતાના સ્વજનો ગુમાવ્યા છે. હવે તો દર વરસે ગ્લેસિયર એટલે કે હિમનદીઓ પીગળે છે. એકાએક વરસાદ ચાલુ થાય છે ને આસમાન સાથે ધરતી પણ બદલાઈ જાય છે. જળવાયુમાં વધતા તાપમાનને કારણે પર્વતોના શિખરો પર જ્યાં જ્યાં બરફ છે તે હવે પ્રવાહિત થવા લાગ્યો છે. હિમાલયી હિમનદીઓથી ઢંકાયેલા હિન્દુકુશ પર્વતોના શિખરો સતત પીગળી રહ્યા છે. આ સમગ્ર પરિક્ષેત્રમાં વાતાવરણમાં કાર્બનની માત્રામાં જે રીતે વધતા ક્રમે વધારો થઈ રહ્યો છે તે જોતાં હિમાલયના ધવલ ગિરિશિખરો એક ઈતિહાસ બની જવાનો ભય છે. દુનિયાના પર્યાવરણવિદોએ હવે એક રીતે પોતાના હોઠ સિવી લીધા છે.

તેમણે એ વાત સ્વીકારી લીધી છે કે મહાવિનાશના ઘટનાક્રમો વિના વિધવિધ દેશોના વડાઓ એવા કાયદાઓ કદી નહિ ઘડે કે જેનાથી પ્રદૂષણ પર અંકુશ આવે. દર વરસે હવે તો આંતરરાષ્ટ્રીય કક્ષાના દસેક સંમેલનો એવા થાય છે જેમાં એ જ ચર્ચાઓ નવા રૂપરંગે થાય છે જે છેલ્લા બે દાયકાથી થતી આવી છે અને જેની પૂર્ણતઃ નિરર્થકતા સાબિત થઈ ગયેલી છે.

હજુ તો સમુદ્રની સપાટી વધવાના વરસોને થોડી વાર છે, પરંતુ એ જ્યારે શરૂ થશે ત્યારે અટકશે નહિ. પડે છે ત્યારે સઘળું પડે છે એનો વિશ્વ સમુદાયને અનુભવ થશે. જેટલો બરફ ઉનાળામાં પીગળે છે, એટલો નવો બરફ પછીના શિયાળામાં પર્વતો પર જમા થતો નથી. કદી ન બને એવું બન્યું કે ઉત્તરાખંડમાં તો ગયા વરસે ભરશિયાળે હિમનદી ફાટી હતી. સૂર્યના ઉષ્ણતામાને સમુદ્રની વિરાટ જળરાશિ સાથે જે નવી પપ્રવૃત્તિથ હાથ ધરી છે તેના ભયાવહ પરિણામો માટે જગતે તૈયાર રહેવાનું છે. ગરમી અને વરસાદ હવે સામસામા વધવાના છે અને એ તો જળના બાષ્પીભવનનો સિદ્ધાન્ત જ કહે છે. જે પ્રકૃતિને આધારે મનુષ્યે બહુ ઊંચાઈ પ્રાપ્ત કરી લીધી છે એ જ કુદરત હવે એને નવી પનીચાઈઓથ એટલે કે અધઃપાતના નૂતન દ્રષ્ટાન્તો સુધી પહોંચાડવા ઉત્સાહિત દેખાય છે. જે ઝનૂનથી આપણે ઝાડ કાપ્યા છે એટલા જ ઝનૂનથી કુદરત વિફરીને માનવજાત તરફ નવા સ્વરૂપે ધસમસતી આવી રહી છે. કુદરતના અસંતુલનથી દુનિયાનો નકશો હવે એક ડિઝાસ્ટર મેનેજમેન્ટનો વિષય બની ગયો છે જે પહેલા ભૂગોળનો વિષય હતો. ભારતના કુલ ક્ષેત્રફળમાંથી અંદાજે ૧૬ ટકા ભૂભાગમાં ફેલાયેલા કુલ ૧૧ હિમાલયી રાજ્યોમાં હજુ સુધી તો ૪૫ ટકા વિસ્તારમાં જંગલો મોજૂદ છે. સરેરાશ ભારતનું ચિત્ર જુઓ તો દેશમાં કુલ વનપ્રદેશ માત્ર ૨૨ ટકા ભૂમિ પર છે જે સ્વસ્થ પર્યાવરણના સ્ટાન્ડર્ડ ગણાતા ૩૩ ટકાથી ઘણો ઓછો છે.

# રાજકોટના: નવાગામમાંથી ૧ લાખનો રેઢો દારૂ મળ્યો



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા. ૧૯: ડીસીબીની ટીમે નવાગામ છપ્પનીયા કવાર્ટર બ્લોક નં. ૧૭ કવાર્ટર નં. ૨૬૧૩માં દરોડો પાડી રૂ. ૧,૦૬,૮૦૦નો દારૂ-બીયરનો જથ્થો રેઢી હાલતમાં કબ્જે કર્યો છે. એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. અભીજીતસિંહ જાડેજા અને કોન્સ. ઇન્દ્રજીતસિંહ ગોહિલને મળેલી બાતમી પરથી પીએસઆઇ યુ. બી. જોગરાણાની ટીમે દરોડો પાડ્યો હતો. અજાણ્યા શખ્સ તથા તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધાયો છે.

પોલીસે રોયલ કલાસીક વ્હીસ્કીના ૫૨૮ પાઉચ, કાઉન્ટી કલબની ૭૨ બોટલ, વિન્ટેજ બ્લુની ૪૮ બોટલ અને મેકડોવેલ્સની ૨૪ બોટલ તથા કિંગફીશર બિયરના ૯૦ ટીન મળી રૂ. ૧,૦૬,૮૦૦નો દારૂ કબ્જે કર્યો છે. એસીપી ડી.વી. બસીયા અને પીઆઇ વી. કે. ગઢવીની રાહબરીમાં પીએસઆઇ જોગરાણા, એએસઆઇ સી. એમ. ચાવડા, બીપીનદાન ગઢવી, જયંતિભાઇ ગોહિલ, અભીજીતસિંહ, પ્રદિપસિંહ જાડેજા, ભાવીનભાઇ રતન, ઇન્દ્રજીતસિંહ ગોહિલ અને કરણભાઇ મારૂએ આ કામગીરી કરી હતી.

### ગઢકા પાટીયેથી કારમાં દારૂ સાથે વિંછીયાનો શખ્સ પકડાયોઃ ડીસીબીના બે અને કુવાડવા પોલીસનો એક દરોડો

જ્યારે ડીસીબીના પીએસઆઇ પી. બી. જેબલીયા, ક્રિપાલસિંહ, સુભાષભાઇ, જીજ્ઞેશભાઇ મારૂ, અંશુમનભા ગઢવી, પ્રતાપસિંહ મોયા, દેવાભાઇ ધરજીયા સહિતે ભાવનગર રોડ ગઢકા ગામના પાટીયા પાસે આર. કે. યુનિવર્સિટીના બસ સ્ટેશનથી રાજકોટ તરફ ગૌશાળા જવાના કાચા રસ્તેથી જીજે૦૩એલએમ-૮૩૦૫ નંબરની કારને આંતર લઇ તપાસ કરતાં અંદરથી રૂ. ૯૬૦૦નો ૨૪ બોટલ દારૂ મળસતાં કાર, દારૂ મળી રૂ. ૨,૫૯,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ચાલક વિપુલ ઉર્ફ ટાઇગર રતાભાઇ રોજાસરા (ઉ.૨૭- રહે. વીછીયા ગામ ચોટીલા મેઇન રોડ)ને પકડી લીધો હતો. કુવાડવા રોડ પોલીસ મથકના એએસઆઇ હિતેન્દ્રસિંહ એમ. ઝાલા, કોન્સ. દેવેન્દ્રસિંહ જાડેજા અને મુકેશભાઇ સબાડની બાતમી પરથી માલિયાસણ ચોકડીએથી મુળ મહારાષ્ટ્ર મુંબઇ લીન્કીંગ રોડ સાફલ્ય બિલ્ડીંગ ચોથા માળે બી વિંગ ૪૦૨ ગોરેગાંવ પશ્ચિમમાં રહેતાં સંદેશ ભાઉસાહેબ સોનાવણી (મરાઠી) (ઉ.વ.૨૮)ને રૂ. ૧૧૭૩૦ના એઇટ પીએમ બ્રાન્ડના વ્હીસ્કીના ૧૦૨ પ્લાસ્ટીકના ચપલા સાથે પકડી લીધો છે. (૪.૪)

### ગાંધીગ્રામ અને માલવીયા નગર પોલીસે ચાર બોટલ સાથે બેને પકડ્યા

જ્યારે ગાંધીગ્રામ પોલીસ મથકના યુવરાજસિંહ ઝાલા, સહદેવસિંહ જાડેજા સહિતની ટીમે ૧૫૦ રીંગ રોડ અયોધ્યા ચોક પાસે અયોધ્યા રેસિડેન્સી સી-૮માં રહેતાં રમેશ મુળજીભાઇ પીઠવાના ઘરમાં દરોડો પાડી રૂ. ૧૨૦૦ના ત્રણ બોટલ દારૂ સાથે તેની ધરપકડ કરી હતી. માલવીયાનગરના પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી તથા યશપાલસિંહ ગોહિલ સહિતે ગોંડલ રોડ રાજકમલ પંપ પાસેથી યશ ગંભીરભાઇ રાઠોડ (રહે. કોઠારીયા સોલવન્ટ, ભગવતી કારખાના અંદર મુળ ટીંબડી તા. સુત્રાપાડા)ને રૂ. ૩૬૦ના એક બોટલ દારૂ સાથે પકડી લીધો હતો. (૪.૪)

# જેતપુરમાં જુગાર રમતા છ ઝડપાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

જેતપુર તા.૧૯ રાજકોટ ગ્રામ્યના પોલીસ અધિક્ષક બલરામ મીણા તથા જેતપુર વિભાગના આઈ/સી નાયબ પોલીસ અધિક્ષક મહર્ષી રાવલે પ્રોહી. જુગારની પ્રવૃતી સદંતર નાબુદ કરવા સુચના કરેલ હતી. જે અંગે પોલીસ ઈન્સ્પેકટર પી.ડી.દરજીના સીધા માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસ સ્ટેશન ટીમ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પો.કોન્સ. મનદીપસિંહ જાડેજાને ખાનગી બાતમીદાર મારફતે મળેલ હકીકત આધારે જેતપુર, નવાગઢ, દાસીજીવણપરા, કેનાલ કાંઠે રોડ ઉપર જાહેરમાં ગંજીપત્તાના પાના પૈસા વતી જુગાર રમતા ૬ ઈસમોને રોકડ રૂ.૧૩,૮૪૦ સાથે પકડી પાડી જુ.ધા.કલમ ૧૨ મુજબ ગુનો રજી. કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# બિનઆરોગ્યપ્રદ ખાદ્યચીજ ૩૧ કિલો સ્થળ પર નાશ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯ શ્રાવણ માસ દરમ્યાન ખાદ્ય ચીજનો(પ્રીપેડ ફૂડ)નો બહોળા પ્રમાણમાં ઉપયોગ થતો હોય. પ્રીપેડ ખાદ્ય ચીજમાં વપરાતા ખાદ્ય તેલની ટીપીસી વેલ્યુની ચકાસણી કરવામાં આવેલ. રાજકોટ મનપાની ફૂડ શાખા દ્વારા ફરાળી ખાખરાના બે નમુના અને ખાદ્ય ચીજમાં વપરાતા ખાદ્ય તેલની ટીપીસીની વેલ્યુની ૨૫ પેઢીમાં ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી દરમ્યાન અખાદ્ય તેલ ૨૫ કિલો, પસ્તી ૨૬ કિલો અને વાસી તેમજ બિનઆરોગ્યપ્રદ ખાદ્ય ચીજ ૩૧ કિલો સ્થળ પર જ નાશ કરવામાં આવેલ. ઉમીયાજી ફરસાણ, ગૌતમ ફરસાણ, રામ સ્વીટ એન્ડ નમકીન, જલારામ પેટીસ, જલિયાણ ફરસાણમાંથી ખાદ્ય તેલની ટીપીસી વેલ્યુ ચકાસણી કરવામાં આવેલ.(૧.૧૩)

# શ્રીજી પ્લાઝામાં મહિલાને પડોશીએ વાળ પકડી ઢીકાપાટુ માર્યા

### તમારા ઘરમાં ટેપ વગાડતી વખતે દરવાજો બંધ રાખવાનું કહેતા બબાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા. ૧૯ મવડી વિસ્તારના નંદનવન-૩ની બાજુમાં રાણી પાર્ક શ્રીજી પ્લાઝા ત્રીજા માળે બ્લોક નં. ૩૦૨માં રહેતાં દ્રષ્ટીબેન જનકભાઇ દાવડા (ઉ.વ.૨૮)ને તેના પડોશમાં જ રહેતાં રેખાબેન જગદીશભાઇ ગરાળા અને એક સગીરે તેણીના ઘરમાં ટેપ ધીમુ વગાડવા અને દરવાજો બંધ રાખવાનું કહી ઝઘડો કરી બેટથી માર મારતાં તેમજ વાળ પકડી ઢીકાપાટુનો માર મારતાં સારવાર લેવી પડી હતી. બનાવ અંગે તાલુકા પોલીસે દ્રષ્ટીબેનની ફરિયાદ પરથી બંને સામે ગુનો નોંધ્યો છે.

દ્રષ્ટીબેન પતિ અને પુત્ર સાથે રહે છે અને ઘરકામ કરે છે. તેણીએ પોલીસને કહ્યું હતું કે ૧૭મીએ સાંજે અમારા સંબંધી મોનાબેન ચુડાસમા હરિધવા રોડ પરથી અમારી ઘરે બેસવા આવ્યા હતાં. આ વખતે સામે જ રહેતાં સગીરે ઘરે આવીને કહેલું કે તમારી ઘરે તમે ટેપ વગાડો છો તો દરવાજો બંધ કરી દો...તેમ કહી જેમ તેમ ગાળો આપી હતી. ગાળો દેવાની ના પાડતાં તે ઉશ્કેરાઇ ગયેલ અને બેટથી હુમલો કરી માર માર્યો હતો. ત્યાં રેખાબેન પણ આવી ગયેલ અને વાળ પકડી ઢીકાપાટુ માર્યા હતાં. એ પછી સગીરે બેટથી વધુ માર માર્યો હતો. માણસો ભેગા થઇ જતાં ઝઘડો શાંત પડ્યો હતો. મારને કારણે દુઃખાવો થતો હોઇ સારવાર લઇ ફરિયાદ કરી હતી. હેડકોન્સ. આર. જી. ચૌહાણે વધુ તપાસ હાથ ધરી છે.(૪.૪)

### રક્ષાબંધન નિમિતે મારૂતિ કુરીયર દ્વારા

# રાખડી સાથે ચોકલેટ બોકસના ઓનલાઇન બુકીંગની સ્પેશિયલ સર્વિસ

### ગ્રાહકોને ઝડપી અને પુરતી સલામતી સાથેની ડિલીવરી મળશેઃ અજય મોકરીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯ આ વર્ષના રક્ષાબંધન તહેવારને વધુ વિશેષ બનાવવા માટે ભારતની અગ્રણી કુરીયર અને લોજીસ્ટીક કંપની શ્રી મારૂતી કુરીયર સર્વિસીસ રક્ષાના આ તહેવાર માટે ગ્રાહકોની જરૂરીયાતોને ધ્યાનમાં રાખી રાખડી સાથે ચોકલેટ બોકસના ઓનલાઇનનો પ્રારંભ કરેલ હોવાનું એક યાદીમાં જણાવાયું છે.

ઓનલાઈન સર્વિસ દ્વારા બહેનો શ્રી મારૂતી કુરીયર સર્વિસ ની વેબસાઈટ www. shreemaruticourier .com પર જઈને ભારતના ૩ હજાર થી વધુ લોકેશન માટે રાખડી અને ચોકલેટ બોકસનું ઓનલાઇન બુકીંગ કરી શકે છે ઉપરાંત વિશ્વના ૨૦૦ થી વધુ દેશ માટ સવવિસ ઉપલબ્ધ છે.

વર્તમાન પરિસ્થિતિમાં ડીસ્ટન્સીંગનો અમલ કરવાની સાથે સાથે બહેનોનો સમય બચાવવા વધુ સલામતી સાથે ખૂબ જ રીઝનેબલ રેટ થી દેશના ૩ હજાર થી વધુ લોકેશનમાં માત્ર એક કલીકથી જ રાખડીની ડીલીવરી માટે શ્રી મારૂતી કુરીયર સર્વિસ દ્વારા ઓનલાઈન રાખડી અને ચોકલેટ બોકસ ની ડીલીવરી માટે સ્પે. ઓનલાઈન પ્લેટફોર્મ તેયાર કરેલ છે. રક્ષાના આ તહેવાર નિમિત્તે સુરક્ષા માટે હાલના પડકારરૂપ કોવિડ-૧૯ વાતાવરણમાં હેલ્થ પ્રોટોકોલ્સ, સોશિયલ ડિસ્ટન્સીંગ અને ડીજીટલ ડીલીવરીના ચુસ્ત અમલ થી રાખડીની ડીલીવરી દરમ્યાન સલામતી ની કાળજી લેવામાં આવતી હોવાનું પણ યાદીમાં જણાવાયું છે.(૪.૪)

# સાળંગપુરમાં જવાનું કહીને કચ્છના જાણીતા વકીલે ઓફિસમાં જ આત્મહત્યા કરી

(એજન્સી સમાચાર)

કચ્છ તા. ૧૯ કચ્છના અંજારમાં જાણતા વકીલે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. ધારાશાસ્ત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ પોતાની ઓફિસમાં જ આત્મહત્યા કરી લેતા અનેક પ્રકારની વાતો વહેતી થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ખેડોઈના અને હાલ અંજારમાં રહેતા નરેન્દ્રસિંહ જાડેજાએ પોતાની ઓફિસમાં આત્મહત્યા કરી લીધી છે.નરેન્દ્રસિંહ બે દિવસ સુધી ઘરે ન આવતા તેમના પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. બે દિવસ શોધખોળના અંતે તેમના કોઈ સમાચાર મળ્યા ન હતા. પરંતુ મંગળવારે તેમની ઓફિસમાંથી તીવ્ર વાસ આવી રહી હતી. જેથી આસપાસના લોકોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. તેમની ઓફિસ ખોલતા અંદરથી તેમની લાશ મળી આવી હતી. ૪૨ વર્ષીય નરેન્દ્રિંસહ જાડેજાની ઓફિસ બસ સ્ટેન્ડ પાસે નગરપાલિકા કોમ્પ્લેક્સમાં આવેલી છે. નરેન્દ્રસિંહ રઘુવીરિંસહ જાડેજા ગત રવિવારે સાળંગપુર જવાનું કહી ઘરેથીનીકળ્યા હતા. જે બાદ પોતાની ઓફિસે આવી રવિવારની સાંજે જ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

વકીલ નરેન્દ્રસિંહ જાડેજાએ ઝેરી દવા પીને મોતને વ્હાલુ કર્યું હતું. પરંતુ તેમણે કયા કારણોસર આત્મહત્યા કરી છે તે હજી જાણવા મળ્યું નથી. (૩.૧૩)

# કોટડાસાંગાણીમાં ઘર નજીક બેસવા મામલે બે પરિવાર વચ્ચે મારમારીઃચાર ઘવાયા

### સામસામે એક મહિલા સહિત પાંચ સામે પોલીસમાં ફરિયાદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ,તા.૧૯ કોટડાસાંગાણીના આંબેડકર ચોક નજીક રહેતા રંજનબેન અનીલભાઇ દાફડા(ઉ.વ.૩૯)નામના મહિલાએ ફરિયાદમાં પવન આંબાભાઈ દાફડા,હિતેશ આંબાભાઈ અને તેની માતાના નામ આપ્યા છે.

રંજનબેને જણાવ્યું હતુ કે,હું મારા પરીવાર સાથે રહુ છું અને ઘરકામ તથા સીવવાનું કામ કરુ છુ. અને મારા પતિ ડ્રાઇવીંગનું કામ કરે છે અને મારે સંતાનમાં બે દીકરા છે.ગઈકાલે સાંજના આશરે હુ તથા મારા પતિ એમ અમો બન્ને ઘરે હતા ત્યારે અમારા ગામમાં રહેતા પવન આંબાભાઇ દાફડા તથા હિતેશભાઇ આંબાભાઇ દાફડા એમ બન્ને ઘરે આવેલ અને મારા પતિને કહેવા લાગેલ કે બહાર નીકળ તેમ કહી જેમ ફાવે તેમ બોલવા લાગેલ અને ગાળો આપવા લાગેલ જેથી મારા પતિ બહાર



નીકળતા આ લોકો તેને તુ કેમ અમારા ઘર પાસે છોકરાને બેસવાનું કહે છે તેમ કહી માથાકુટ કરવા લાગેલ આ ને ઢીકા પાટુ મારવા લાગેલ જેથી હુ વચ્ચે પડેલ અને મારા પતિને છોડાવવા જતા આ લોકો મને પણ ધક્કો મારતા મને હાથ માં તથા જમણા હાથ માં સામાન્ય છોલછાલ થયેલ હતી અને જતા જતા તેઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે સામાંપક્ષે પાલાભાઈ ઉર્ફે પવન આંબાભાઈ દાફડા(ઉ.વ.૩૩)નામના યુવાને ફરિયાદમાં અનિલ ઉર્ફે ઠાકોર પ્રેમજી દાફડા અને મનોજ પ્રેમજી દાફડા નું નામ આપતા કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨) અને ૧૧૪ હેઠળ કાર્યવાહી કરાઈ છે.આરોપીએ ફરિયાદી અને તેના પરિવારને મારમાર્યો હતો.(૪.૪)

# વકીલબંધુ અને પરિવારજનો પર હુમલામાં ૪ની ધરપકડઃ ચાર જણા સામે વળતી ફરિયાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૯: કેવડાવાડી-૬માં રહેતાં એડવોકેટ બંધુ સહિત ઘરના સાત લોકો પર નિતીન મેવાડા સહિતની ટોળકીએ ધારીયા-ધોકાથી હુમલો કરી ઇજાઓ કર્યાની ફરિયાદ બાદ ભકિતનગર પોલીસે ચાર આરોપઓની ધરપકડ કરી લીધી છે. બીજી તરફ એડવોકેટ સહિત પાંચ સામે વળતી ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ઘર પાસે ગાળો બોલતાં બે શખ્સો લાલો અને બંટીને દુર જવાનું કહેતાં આ બંનેએ વકિલ કલ્પેશભાઇ બટુકભાઇ મૈયડ સાથે માથાકુટ કરી હતી. એ પછી બીજા આઠ જણાને સાથે લાવી





ટોળકી રચી હુમલો કરતાં વકિલ કલ્પેશભાઇ, તેમના ભાઇ મનોજભાઇ, માતા, કાકા, કૌટુંબીક ભાઇઓ સહિત સાત ઘાયલ થયા હતાં. આ બનાવમાં પોલીસે એડવોકેટ કલ્પેશભાઇ મૈયડની ફરિયાદ પરથી કેવડાવાડી વિસ્તારના નિતીન મેવાડા, રાહુલ મેવાડા, મુન્નો ચાવડા, ચીકુડો મેવાડા, દીપો મેવાડા, બંટી લોહાણા, લાલો તથા નિતીન મેવાડાના બે ભાઇઓ સામે આઇપીસી ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૩૫ (૧) મુજબ ગેરકાયદે મંડળી રચી હુમલો કરવા અંગે ગુનો નોંધ્યો હતો.

### કેવડાવાડીના મનિષની ફરિયાદ પરથી એડવોકેટ કલ્પેશ મૈયડ, આશિષ, મોહિત અને મનિષ મૈયડ સામે ગુનો

પીઆઇ જે. ડી. ઝાલાની રાહબરીમાં પીએસઆઇ આર. એન. હાથલીયા, પ્રવિણભાઇ સહિતે તપાસ શરૂ કરી મનિષ ઉર્ફ મુન્નો ધનાભાઇ મેવાડા, અજય ઉર્ફ ચીકુડો ભૂપતભાઇ મેવાડા અને મોહિત ઉર્ફ બંટી કિશોરભાઇ હીન્ડોરાની ધરપકડ કરી છે. દરમિયાન મનિષ ઉર્ફ મુન્નો મેવાડા (ઉ.વ.૪૪-ધંધો પાનની કેબીન, રહે. કેવડાવાડી-૬, ખોડિયાર કૃપા)એ પણ વળતી ફરિયાદ નોંધાવતાં પોલીસે એડવોકેટ કલ્પેશભાઇ મૈયડ, મનિષભાઇ મૈયડ, મોહિત મૈયડ અને આશિષ મૈયડ સામે આઇપીસી ૩૨૪, ૫૦૪, ૧૧૪, ૧૩૫ (૧) મુજબ ગુનો નોંધ્યો છે. મનિષે ફરિયાદમાં જણાવ્યું છે કે તે અને લાલો ઘર નજીક છોકરાઓ દેકારો કરતાં તે બાબતે વચ્ચે સમજાવવા જતાં આશિષ સહિત ચારેયે ગાળો દઇ ધોકાથી હુમલો કરી માર માર્યો હતો. (૪.૪)


## દુઃખદ અવસાન



**સ્વ. કમલેશદાન નટુભાઈ ઈશરાણી (ગઢવી)**

સ્વ.તા.૧૭-૮-૨૦૨૧, મંગળવાર,શ્રાવણ સુદ-૧૦ (૨૦૭૭)

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા મોટાભાઇ
શ્રી નટુભાઈ ઘેલાભાઈ ઈશરાણી (ગઢવી)
મૂળગામ હજનાળી હાલ રાજકોટ નિવાસીના પુત્ર
સ્વ. કમલેશદાન નટુભાઈ ઈશરાણી (ગઢવી) નું
તા.૧૭-૮-૨૦૨૧, શ્રાવણ સુદ-૧૦ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પરમાત્મા ને ગમ્યું તે ખરૂં પરમકૃપાળુ પરમાત્મા સદગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

-: બેસણું :- તા.૨૦-૦૮-૨૦૨૧, શુક્રવાર, સમય : સાંજે ૪ થી ૬ નિવાસ સ્થાને રાખેલ છે.

-: નિવાસ સ્થાન :- ઈશરાણી નિવાસ, પુનિતનગર મેઈન રોડ, બજરંગ વાડી, રાજકોટ

-: ઉત્તરક્રિયા :- તા.૨૮-૦૮-૨૦૨૧, શનિવાર, નિવાસ સ્થાને રાખેલ છે.

લી.
શ્રી મહેશદાન નટુભાઈ ગઢવી (ભાઈ) : 84013 17933
શ્રી વિશ્વરાજ કમલેશદાન ગઢવી (પુત્ર) : 93134 02036


# જેતલસરમાં અને જામકંડોરણામાં જુગાર રમતા ૧૬ શકુનીઓ ઝડપાયા

**પાદરીયામાં જામકંડોરણા પોલીસે દરોડો પાડીને રોકડ, મોબાઇલ અને બાઇક મળી રૂા. ૧.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યોઃ જેતપુર તાલુકા પોલીસે દરોડો પાડીને રૂા. ૩૩ હજારની રોકડ જપ્ત કરી**



(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા. ૧૯ જામકંડોરણાના પાદરીયા ગામે જગદીશસિંહ રવુભા જાડેજાના મકાનમાં બંધબારણે ચાલતી જુગાર કલબમાં જામકંડોરણા પોલીસે દરોડો પાડીને આઠ શખ્સોને રોકડ, મોબાઇલ અને બાઇક મળી રૂા. ૧.૮૫ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા.

બનાવની વિગત મુજબ રાજકોટ જીલ્લામાંથી જુગારની બદી દુર કરવા માટે રાજકોટ રૂરલ એસપી બલરામ મીણાની સુચનાથી જામકંડોરણા પીએસઆઇ તેની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ટી.એ.મલેકને મળેલ ચોકકસ બાતમીના આધારે જામકંડોરણાના પાદરીયાના રહેતા જગદીશસિંહ રવુભા જાડેજાના મકાનમાં બંધબારણે ચાલતી જુગાર કલબમાં દરોડો પાડીને જગદીશસિંહ રવુભા જાડેજા (ઉ.વ.૪૦), ભરતસિંહ નારૂભા જાડેજા (ઉ.વ.૩૬), બલભદ્રસિંહ મંગળસિંહ જાડેજા (ઉ.વ.૩૯), હરપાલસિંહ રણજીતસિંહ જાડેજા (ઉ.વ.૪૦) (રહે. તમામ પાદરીયા), સચીન જાદવ ચોવટીયા (ઉ.વ.૨૯) (રહે. જસાપર, જામકંડોરણા), રસીકભાઇ રત્નાભાઇ ગેઠીયા (ઉ.વ.૪૭) (રહે. હરીયાસણ, જામકંડોરણા) અને સુરેન્દ્રસિંહ ઉર્ફે મુનાભાઇ ભરતસિંહ વાળા (ઉ.વ.૪૦) (રહે. ખોડીયાર ચોક, જામકંડોરણા)ને રોકડ રૂા. ૫૭ હજાર, મોબાઇલ ફોન ૮, રૂા. ૧૩ હજાર અને બાઇક નંગ ૪ રૂા. ૧.૧૫ લાખ મળી કુલ રૂા. ૧.૮૫ લાખના મુદ્દામાલ સાથે તમામને પકડીને કાયદેસરની કાર્યવાહી કરી હતી. બીજા દરોડામાં જેતપુરના જેતલસરમાં જુગાર રમતા જેતપુરના સાત શખ્સો સહિત આઠ શખ્સોને રૂા. ૩૩ હજારની રોકડ સાથે જેતપુર પોલીસે દરોડો પાડીને દબોચી લીધા હતા. બનાવની વિગત મુજબ જેતપુર પાલુકા પોલીસ મથકના એએસઆઇ બી.એચ.માલીવાન તેના સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે જેતપુરના જેતલસર ગામે જાહેરમાં ચાલતા જુગારમાં દરોડો પાડીને ગૌરવ પ્રફુલ મનાતર (ઉ.વ.૨૭)(રહે. જેતલસર, જેતપુર) મયુર વિનુ સોલંકી (ઉ.વ.૨૨), જીતેશ લાલજી સોઠાતર (ઉ.વ.૪૮), જગદીશ શંકરલાલ જયસ્વાલ (ઉ.વ.૫૫) સુમીત જગુ રેણુકા (ઉ.વ.૨૪), હિતેષલાલનું સોડાતર (ઉ.વ.૪૫) અને પિયુષ યોગેશ કોડીયા (ઉ.વ.૨૫) (રહે. તમામ જેતપુર)ની પાસેથી રૂા. ૩૩ હજારની રોકડ સાથે તમામને પકડીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.(૪.૪)

# વિઘ્નહર્તા ગણપતિ બાપાના ઉત્સવની તૈયારીઓ પુરજોશમાં







## જાત જાતની અને દરેક ઘાટની કલાત્મક ગણપતિ મુર્તીઓને કૌશલ્ય સાથે ઘાટ આપતા કલાકારો અને કસબીઓ

(અહેવાલઃ પરાગ જાટીયા)
(તસવીરઃ રાજેશ ભટ્ટી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

દૂંદાળા દેવ ગણપતિના મહોત્સવને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેર સહિત જિલ્લાભરમાં ગણેશની આકર્ષક પ્રતિમાઓને કારીગરો દ્વારા અંતિમ ઓપ અપાઈ રહ્યો છે. જો કે મોટાભાગે યુવક મંડળો દ્વારા પોતાના થીમ આધારિત ગણપતિની પ્રતિમા બનાવવાના ઓર્ડરો કારીગરોને આપી દીધા છે. હાલમા કારીગરો દ્વારા મુર્તીઓ બનાવવાનુ કામ પુર જોશમા ચાલી રહ્યુ છે. સાથે સાથે વધતા જતા ગણેશ મહોત્સવના ક્રેઝને લઈને હાલ ઘરે-ઘરે પણ લોકો ગણેશજીની પ્રતિમાનું સ્થાપન કરી ૧૦-૧૦ દિવસ સુધી પૂજા-અર્ચના કરશે. જો કે ગત વર્ષ કરતા ચાલુ વર્ષે ગણેશજીની પ્રતિમાના ભાવમાં ૧૫ થી ૨૦ ટકા જેટલો વધારો જોવા મળી રહ્યો છે.

જો કે ગત વર્ષ કરતા ચાલુ વર્ષે રો-મટીરીયલ તેમજ બાંબુઓના ભાવ વધારાને પગલે ગણેશજીની પ્રતિમાના ભાવમાં ૧૫ થી ૨૦ ટકા જેટલો ભાવવધારો નોંધાયો છે.

જો કે પ્લાસ્ટર ઓફ પેરીસથી તૈયાર કરવામાં આવતી મૂર્તિઓ પર્યાવરણ માટે નુકસાનકારક હોઈ તંત્ર દ્વારા માટીથી તૈયાર કરાયેલ ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓનું સ્થાપન કરવા તાકીદ કરવામાં આવી છે. તેમ છતાં કેટલાક લોકો હજુ પણ પ્લાસ્ટર ઓફ પેરીસની પ્રતિમાઓની ખરીદી કરતા હોય છે. જો કે કેટલાક યુવક મંડળો દ્વારા પોતાના થીમ આધારિત માટીથી તૈયાર કરવામાં આવતા ઈકો ફ્રેન્ડલી ગણેશજીની પ્રતિમા બનાવવા માટે કારીગરોને ઓર્ડર પણ આપી દીધા છે.છેલ્લા એક વર્ષથી કોરોના ના કારણે આ તહેવાર લોકો ઉજવી શક્યાં નથી. જોકે આ વર્ષે કોરોનાનો કહેર ઓછો થતાં હવે ગણપતિ મહોત્સવની તૈયારીઓ ચાલી રહી છે.

આ વર્ષે આવનારા ગણેશ મહોત્સવને લઈને ગણેશ ભક્તોમાં ખુબ ઉત્સાહ જોવા મળી રહયો છે. મોટા આયોજનો પર પ્રતિબંધ હોવાના કારણે મૂર્તિકારો આ વર્ષે નાની અને માટીની મૂર્તિઓ બનાવી રહ્યા છે અને તેમાં પણ લોકોમાં જાગૃતિ આવે એવી થીમ બેઇઝડ મૂર્તિ બનાવવાનું મૂર્તિકારો એ શરૂ કરી દીધું છે.

### ધો.૧૨ સાયન્સ- કોમર્સમાં ઝળહળતી સફળતા મેળવતી

## ‘દીકરાનું ઘર’ પરીવારની તેજસ્વી છાત્રાઓનું સન્માન



### ‘દીકરાનું ઘર’ દ્વારા શ્રાવણ માસમાં વનભોજન તેમજ મહાઆરતીનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

દીકરાનું ઘર દ્વારા સમયાંતરે અવનવા પ્રકલ્પો થતા રહે છે. દીકરાનું ઘર પરીવારના કોઈપણ કાર્યકર્તાઓ અનેરી સિદ્ધિ મેળવે તો તેમને બીરદાવવામાં આવે છે. તાજેતરમાં જ ધો.૧૨ સાયન્સ- કોમર્સનું પરિણામ જાહેર થયું. જેમાં દીકરાનું ઘર પરિવારની લાડકી દીકરી કૃપાલી આશીષ વોરા સમગ્ર રાજયમાં ૯૯.૯૯ પી.આર. સાથે બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવી અનેરી સિદ્ધિ હાંસલ કરી છે અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત ધો.૧૨ સાયન્સના બી-ગ્રુપમાં અભ્યાસ કરતી કુ.દ્રષ્ટિ શૈલેષ દવે એ ૯૯.૬૫ પી.આર. મેળવી ઝળહળતી સફળતા મેળવી છે. દીકરાનું ઘર પરિવારની વધુ ત્રણ દીકરીઓ કુ.સુહાની પ્રજ્ઞેશભાઈ પટેલ ૯૯.૬૫ પી.આર. સાથે, કુ.મહિમા સુનીલ વોરા ૯૯.૪૫ પી.આર. સાથે તેમજ આઈ.સી.એસ.ઈ. બોર્ડમાં અભ્યાસ કરતી કુ.ધ્રુવી હરેશભાઈ પરસાણાએ ૮૭.૦૦ % સાથે ઝળહળતી સફળતા મેળવી છે. તાજેતરમાં દીકરીઓને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો.વિજય દેસાણી, જાણીતા ઉદ્યોગપતિ રસીકભાઈ ગોંડલીયા, ખોડલધામના ટ્રસ્ટી ચીમનભાઈ હપાણી, ભવાની ઈન્ડસ્ટ્રીઝ ના સંચાલક સુરેશભાઈ નંદવાણા, જાણીતા ઉદ્યોપતિ વલ્લભભાઈ સતાણી, ટર્બો બેરિંગ પ્રા.લિ. ના ચેરમેન પ્રતાપભાઈ પટેલ દ્વારા સન્માન કરાયું હતું. ઉપરાંત દીકરાનું ઘર દ્વારા શ્રાવણ માસમાં વન ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દીકરાનું ઘર નું વિશાળ પરિવાર આગામી તા.૨૧ ને શનિવારના રોજ સાંજે ૪ થી રાત્રીના ૯ સુધી નવા રીંગ રોડ ઉપર આવેલ પ્રતાપભાઈ પટેલના ટર્બો ફાર્મ હાઉસમાં વન ભોજન કરશે તેમજ ભકિત સંગીતનો અનેરો કાર્યક્રમ યોજાશે. તેમજ આગામી તા.૨૩ ના રોજ દીકરાનું ઘર ના પરિસરમાં ભૂદેવોની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ૫૧ કપલ દ્વારા મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરના શ્રેષ્ઠીઓ ભાગ લેનારા છે. દીકરાનું ઘરને રંગબેરંગી લાઈટો, શીરીષ, રંગોળીથી સુશોભિત કરાશે. આ દિવસે કલાત્મક હિંડોળા દર્શનનો લાભ પણ ભાવિકોને મળનાર છે. તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.(૬.૧૨)

## જસદણના કોઠી ગામે નાગપંચમીનો મેળો મોકૂફ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
જસદણ, તા.૧૯

જસદણ તાલુકાના કોઠીગામે ખેતલીયા દાદાનુ મંદિર પુરાતન સ્થાનક હોવાથી દર વર્ષે શ્રાવણ વદ નાગપંચમીના દિવસે મેળો ભરાય છે તેમાં આ વર્ષે નાગપંચમીના દિવસે દર્શન માટે મંદિર ખુલ્લુ રહેશે. કોરોનાની ત્રીજી લહેર તેમજ સરકારની ગાઈડલાઈન મુજબ દર્શન માટે મંદિર ખુલ્લું રહેશે પણ મેળાનું આયોજન બંધ છે. ખાલી દર્શન માટે જ મંદિર ખુલ્લુ રહેશે તે દરેક ધર્મપ્રેમી જનતાએ નોંધ લેવી.(૭.૧૨)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## ભાજપની જન આશીર્વાદ યાત્રાને લીલી ઝંડી આપતા રૂપાલા, માંડવીયા

વાઇબ્રન્ટ ગુજરાતનાં હેતુથી ભાજપ દ્વારા રાજયોમાં જન આશીર્વાદ યાત્રાઓ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની આગેવાની હેઠળ ભાજપ સરકારે સફળતા પૂર્વક પાંચ વર્ષ પૂરા કર્યા છે તેની ઉજવણીના ભાગ રૂપે વિવિધ કાર્યક્રમ ઉજવાઇ રહયા છે. અગાઉ ત્રણ કેન્દ્રીય મંત્રીઓ દ્વારા યાત્રાઓમાં ભાગ લઇને સઘન લોક સંપર્ક કરવામાં આવ્યો હતો. જયારે કેન્દ્રના આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા રાજકોટ આવી પહોંચ્યા ત્યારે ભાજપના આગેવાનો અને કાર્યકરોએ ભવ્ય સ્વાગત કર્યુ હતું. માંડવીયાના નેતૃત્વ હેઠળની જન આશીર્વાદ યાત્રાને શહેરીજનોએ ફુલડે વધાવી હતી. દેશ ભકિતના ગીતોથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું, રાસ મંડળીઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી અને દેશભકિતના અનેરા દ્રશ્યો જોવા મળ્યા હતા. સમાજના તમામ વર્ગના લોકો જન આશીર્વાદ યાત્રાના રૂટ પર ઉમટી પડયા હતા. શહેર ભાજપ પ્રમુખ કમલેશ મીરાણીની આગેવાની હેઠળ ભાજપ બક્ષીપંચ મોરચા અને તમામ સેલના તથા વોર્ડના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા અને કેન્દ્રીય મંત્રી કેસરીયા ઢબે સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર માહોલ કેસરીયા બની ગયો હતો અને યાત્રાને અભુતપૂર્વ સફળતા સાપડી હતી.

## પશ્ચિમ બંગાળના ચૂંટણી પછીના તોફાનોની તપાસ સીબીઆઇને સોંપવા કોલકત્તા હાઇકોર્ટનો આદેશ

મમતા બેનર્જીનાં નેતૃત્વ હેઠળની રાજય સરકાર માટે આંચકા રૂપ માનવામાં આવે છે. અગાઉ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા રચાયેલી ૭ સભ્યોની કમીટીએ બંગાળમાં હિંસાની ઘટનાઓ વિશે તપાસ કર્યા બાદ સીબીઆઇ હસ્તક તપાસ કરવા માટે ભલામણ કરી હતી. પરંતુ રાજય સરકારે સીબીઆઇ તપાસનો ઇન્કાર કર્યો હતો. હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે, રાજય સરકાર યોગ્ય તપાસ કરાવી શકી નથી. હાઇકોર્ટે ખાસ સીટની રચના કરવાનો પણ આદેશ આપ્યો હતો. જેમાં રાજયના ત્રણ વરીષ્ઠ અધિકારી સભ્યો તરીકે રહેશે અને તપાસ હાથ ધરશે.(૨.૧૧)

## હરીયાણામાં ‘ગોરખ ધંધા’ શબ્દ પર પ્રતિબંધ

અધિષ્ઠતા સ્થાપક ગુરૂ માનવામાં આવે છે. યુપીનાં ગોરખ પુરમાં ગોરખનાથ મઠ આવેલો છે. ડેલીગેસને મુખ્યમંત્રીને એવી રજૂઆતો કરી હતી કે આવા શબ્દના ઉપયોગથી ગુરૂ ગોરખ નાથની ભાવનાઓનું અપમાન થાય છે. ગોરખનાથ સમાજની ધાર્મીક લાગણીઓને પણ હાની થાય છે. એટલે હવે મુખ્યમંત્રીએ રાજયમાં ગોરખ ધંધા શબ્દ પર પ્રતિબંધ જાહેર કરી દીધો છે.(૨.૧૧)

## શાળા નં.૯૩ ના આચાર્ય વનીતાબેન રાઠોડની રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક ૨૦૨૧ માં પસંદગી




### દેશભરમાંથી ૪૪ શ્રેષ્ઠ શિક્ષકોના નામની યાદીમાં ગુજરાતમાંથી બે શિક્ષકોની પસંદગી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ સંચાલિત વિનોબા ભાવે પે.સેન્ટર શાળા નંબર ૯૩ ના આચાર્ય વનિતાબેન રાઠોડની શિક્ષણક્ષેત્રની ઉમદા તથા શ્રેષ્ઠ કામગીરી બદલ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ૨૦૨૧ માં તેમની પસંદગી થયેલ છે. દેશભરમાંથી ૪૪ શ્રેષ્ઠ શિક્ષકોના નામની યાદીમાં ગુજરાતમાંથી બે શિક્ષકો પસંદ થયા જેમાં રાજકોટના વનિતાબેન રાઠોડ અને કચ્છમાંથી અશોકભાઈ પરમારની પસંદગી થઇ છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે તેમણે કરેલા વિવિધ નવતર પ્રયોગો પર્યાવરણ સંભાળ, શાળામાં ભૌતિક સુવિધાઓનો વિકાસ, બાળકોની સર્જનાત્મક શક્તિ વિકસાવવા માટે વિવિધ પ્રવૃતિઓ, કોરોના સમયમાં પણ બાળકોના શિક્ષણ તથા સર્વાંગી વિકાસમાં મદદરૂપ થવા વિવિધ કામગીરી. તેમજ તેમના સામાજિક, સાહિત્ય તથા શૈક્ષણિક ક્ષેત્રે કરેલ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય પારિતોષિક માટે તેમની પસંદગી થઈ છે.(૬.૧૨)

## બંસીધર યુવા ગ્રુપના પ્રમુખ, ભાજપના યુવા આગેવાન મુકેશભાઈ ચાવડાનો આજે જન્મદિવસ



મૂળ વતન વિરડા વાજડી હાલ રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવનાર વોર્ડ નંબર ૧૪ ભાજપના ઉપપ્રમુખ મુકેશભાઈ ચાવડાનો આજે જન્મદિવસ છે. રાજકીય-સામાજિક ક્ષેત્રે બહોળું મિત્ર મંડળ ધરાવતા મુકેશભાઈ કેવડાવાડીમાં બંસીધર યુવા ગૃપના પ્રમુખ તરીકે અને આહિર યુવા લગ્ન સમિતિના સદસ્ય તરીકે કાર્યરત છે. વોર્ડના લોકોના પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે તેઓ હર હંમેશ પ્રયત્નશીલ રહ્યા છે. શહેરની જાણીતી સંસ્થાઓમાં લોક સંસદ વિચાર મંચ, રાજકોટ શહેર/જિલ્લા વાલી મહામંડળ, કાનુડા મિત્ર મંડળ, રામનાથ યુવા ગ્રુપ, સદગુરુ પરિવાર ટ્રસ્ટ સહિતની સામાજિક સંસ્થાઓમાં પણ તેઓની સામેલગીરી નોંધપાત્ર પરિણામો લાવી છે. આજે તેઓના જન્મદિવસે તેમના મોબાઈલ નંબર ૯૧૦૬૦ ૯૧૬૩૯ પર ગુજરાત રાજ્ય બક્ષીપંચના પ્રમુખ ઉદયભાઇ કાનગડ વોર્ડના કોર્પોરેટરો નિલેશભાઈ જલુ, કેતનભાઈ પટેલ, વર્ષાબેન રાણપરા, ભારતીબેન મકવાણા સહિતના આગેવાનો એ શુભેચ્છા પાઠવી હતી. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી મુકેશભાઈ ચાવડાને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...(૭.૧૬)

### કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં આર.ઓ.બી અને પી.આઈ.બી ગુજરાત રિજિયન દ્વારા

## અમદાવાદમાં ફિટ ઈન્ડિયા ફ્રિડમ રન ૨.૦ યોજાઈ




### દોડ શરૂ થયા પહેલા આઝાદીની રક્ષા કરવાના અને તંદુરસ્તી માટે દરરોજ અડધો કલાક ફાળવવાની પ્રતિજ્ઞા લેવડાવી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
અમદાવાદ, તા.૧૯

આઝાદીનાં ૭૫ વર્ષ નિમિત્તે દેશભરમાં આઝાદીનો અમૃત મહોત્સવ મનાવવામાં આવી રહ્યો છે. તેમજ સાથે-સાથે ફિટ ઇન્ડિયા અભિયાન પણ ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આ બંને ઝૂંબેશને સાંકળી લઈને ગત તા. ૧૩ મી એ ફિટ ઇન્ડિયા ફ્રીડમ રન ૨.૦ના દેશવ્યાપી કાર્યક્રમનો શુભારંભ થયો હતો અને ત્યારબાદ દેશભરમાં ફિટ ઇન્ડિયા ફ્રીડમ રનના આયોજનો થઈ રહ્યા છે. આ અંતર્ગત ગુજરાતના અમદાવાદમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના રિજિયોનલ આઉટરીચ બ્યુરો (આર.ઓ.બી.) અને પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો (પી.આઈ.બી.) ગુજરાત રિજિયન દ્વારા ફિટ ઇન્ડિયા ફ્રીડમ રન ૨.૦નું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં નહેરુ યુવા કેન્દ્ર, એન.એસ.એસ.ના સ્વયંસેવકો તેમજ આર.ઓ.બી. અને પી.આઈ.બી.ના અધિકારીઓ તથા કર્મચારીઓએ ભાગ લીધો હતો.

સાબરમતી આશ્રમ રિવરફ્રન્ટથી લઈને વલ્લભ સદન સુધી ફિટ ઇન્ડિયા દોડનું આયોજન થયું હતું, જેમાં લગભગ સાડા ત્રણ કિલોમીટર સુધીના રૂટ પર હાથમાં રાષ્ટ્રભક્તિના પ્લેકાર્ડસ અને ત્રિરંગા સાથે સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દોડ શરૂ થયા અગાઉ આઝાદીની રક્ષા કરવાના તથા તંદુરસ્તી માટે દરરોજ અડધો કલાક ફાળવવાની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી.(૬.૧૨)

## એસ.બી.આઈ એમ્પ્લોઇઝ યુનિયનના સુકાનીઓની વરણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯


દેશની સૌથી મોટી બેંક ઓફ ઇન્ડિયાનાં ગુજરાત રાજ્યના દશ હજારથી વધુ કલેરીકલ અને સબોર્ડીનેટ કેડરનાં કર્મચારીઓનાં બનેલા બિનરાજકીય સંગઠન એસ.બી.આઈ એમ્પ્લોઇઝ યુનિયન (અમદાવાદ સર્કલ) નાં નવા સુકાની તરીકે વર્ષોથી યુનિયનમાં નાની, મોટી અનેક જવાબદારીઓ સફળતા પૂર્વક સંભાળનારા કિશોર ઘટાડ (પ્રેસિડેન્ટ) અને અનિલ ડાયર (જનરલ સેક્રેટરી) બિનહરીફ ચૂંટાયા.(૬.૧૨)



## અવસાન નોંધ

**રાજકોટ** : લુહાર ભારતીબેન (ઉ.વ. ૫૭), તે ભરતભાઇ રતિલાલભાઇ કારેલીયાના પત્ની, તે પન્નાબેન અને સાગરભાઇના માતાનું તા.૧૭ને મંગળવારે અવસાન થયું છે. સદ્‌ગતની પ્રાર્થના સભા તા.૨૦ને શુક્રવારે સાંજે ૪ થી ૬, તેમના નિવાસસ્થાન, એ-૨૦૨, ખોડલ ટાવર, વ્રજ વિલાની બાજુમાં, આકાર હાઇટની સામે, વાવડી ખાતે રાખેલ છે. મો. ૯૮૬૯૦૫૪૯૧૧/૯૮૬૭૪૬૫૬૮૩.

## સ્વીટ ગર્લ મિશ્રિનો આજે જન્મદિવસ



રાજકોટ મહાનગર પાલિકાનાં એસ્ટેટ શાખાનાં કર્મચારી તેમજ અનેક સામાજિક અને સેવાકીય સંસ્થા સાથે જોડાયેલ રાજ ધામેલીયાની ભાણેજ સ્વીટ ગર્લ મિશ્રિનો આજે જન્મદિવસ છે. તેમના ૧૧ વર્ષ પૂર્ણ થયા અને ૧૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ત્યારે માતા મનીષાબેન, પિતા રાજેશભાઈ, નાના હંસરાજભાઈ, નાની જયાબેન તેમજ પરીવારજનો મિશ્રિને જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. મિશ્રિને જન્મદિવસની શુભેચ્છા તેમના પિતા રાજેશભાઈનાં મો. ૭૦૧૬૭૮૦૩૩૫ પર મળી રહી છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી મિશ્રિને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
**આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)**
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

**રાજકોટમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાની**

# ‘જન આશીર્વાદ યાત્રા’નું ભવ્યાતિભવ્ય સ્વાગત કરતું શહેર ભાજપ









**શહેરના ૨૦ વિવિધ રૂટ પર યાત્રાનું ફુલોની પાંખડીથી સ્વાગત, દેશભકિતના ગીતોથી વાતાવરણ ગુંજ્યું – બાળાઓ દ્વારા રાસની રમઝટ**

**ભાજપના તમામ વોર્ડ, સેલ અને મોરચાના અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓના અગ્રણીઓએ ઉપસ્થિત રહી સ્વાગત સહિતની જવાબદારી સંભાળી**











(તસવીરઃ દિલીપ ગોહેલ, પંકજ ડાભી)



વજુભાઈ વાળાના આશીર્વાદ લીધા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**


રાજકોટ તા. ૧૯ :

સરકારમાં નવનિયુકત મંત્રીઓ સૌરાષ્ટ્ર- ગુજરાતમાં જન આશીર્વાદ યાત્રા થકી ભારતના ભવ્ય વિકાસની આછેરી ઝલક જન-જન સુધી પહોંચાડવા પ્રવાસ કરી રહયા છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે જન આશીર્વાદ યાત્રામાં આજે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાના આગમન સાથે એરપોર્ટથી પ્રારંભ થયો હતો. રાજકોટમાં આજે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાની આગેવાનીમાં ભાજપની જનયાત્રા શરુ થઈ છે. જેમાં ફટાકડા ફોડી, ઢોલ નગારાના તાલે સ્વાગત કરાયું છે. હાલ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા રાજકોટ એરપોર્ટ પર પહોંચી ગયા હતા. જ્યાં તેમણે કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઇ વાળાના આશીર્વાદ લીધા હતા. આ સમયે મુખ્ય માર્ગો પર ભાજપ કાર્યકરોએ ફૂલથી સ્વાગત કર્યું હતું. શહેર ભાજપ દ્વારા આ યાત્રાનું બેન્ડ,ફુગ્ગા, બાળાઓના રાસ, ઢોલ, શરણાઈ, ડી.જે.ની રમઝટ, ફુલોની પાંખડીથી શાનદાર સ્વાગત થશે ત્યારબાદ રેસકોર્ષ, કીસાનપરા ચોક, મહિલા કોલેજ ચોક, એસ્ટ્રોન ચોક, વિરાણી ચોક, ભકિતનગર સ્ટેશન પ્લોટ, બોમ્બેહોટલ, લોધાવાડ ચોક, કેનાલ રોડ, ગુંદાવાડી, જિલ્લા ગાર્ડન ચોક, પ્રજાપતીની વાડી, ચુનારાવાડ ચોક, પટેલ વાડી, પેડક રોડ, બાલક હનુમાન, ત્રીવેણી મેઈન રોડ, રીંગરોડ થઈ સમાપન થશે ત્યારે યાત્રાના સમગ્ર રૂટ પર કેસરીયો માહોલ સર્જાશે અને વિવિધ સમાજના લોકો પરંપરાગત પહેરવેશમાં યાત્રાનું ભવ્ય સન્માન કરી રહ્યા હતા. ‘જન આશીર્વાદ યાત્રા’ને સત્કારવા વિવિધ રૂટ પર યાત્રાનું ફુલોની પાંખડીથી સ્વાગત કરાયેલ. બાળાઓ દ્વારા રાસની રમઝટ બોલાવાઇ હતી. સંતો-મહંતોએ આર્શિવચન તેમજ વિવિધ કલાકારોએ પોતાની કલા પીરસી હતી. સમગ્ર રૂટ પર ભાજપના પાંચ હજારથી વધુ ઝંડા અને વીસ હજારથી વધુ ઝંડી લગાવી કેસરીયો માહોલ સર્જવામાં આવ્યો હતો. ત્યારે આ જન આશીર્વાદ યાત્રાને સફળ અને યાદગાર બનાવવા પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજ, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, મહીલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી, પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ, શહેરના મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રક્ષાબેન બોળીયા, કશ્યપ શુકલ સહીતના અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ દિવસ-રાત એક કરીને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી હતી.

## કેન્દ્રીય મંત્રી પુરૂષોતમ રૂપાલા ‘જન આશીર્વાદ યાત્રા’ નો માધાપર ચોકડીથી પ્રારંભ કરશે

**માધાપર ચોકડી થી ગોંડલ ચોકડી સુધી વિવિધ વોર્ડના કાર્યકર્તાઓ સ્વાગત કરશે**

**સંતો–મહંતો આર્શિવચન પાઠવશે તેમજ વિવિધ કલાકારો પોતાની કલા પીરસશે**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

નવનિયુક્ત મંત્રીઓ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ‘જન આશીર્વાદ યાત્રા’ થકી ભારતના ભવ્ય વિકાસની આછેરી ઝલક જન-જન સુધી સુધી પહોંચાડવા પ્રવાસ કરી રહયા છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે આવતીકાલે બપોરે ૩ કલાકે માધાપર ચોકડીથી કેન્દ્રીય મંત્રી પુરૂષોતમભાઈ રૂપાલાની ‘જન આશીર્વાદ યાત્રા’ નો પ્રારંભ થશે ત્યારે વિવિધ રૂટ પર યાત્રાનું ફુલોની પાંખડીથી સ્વાગત કરાશે, ડીજે, દેશભક્તિના ગીતોથી વાતાવરણ ગુંજશે તેમજ બાળાઓ દ્વારા રાસની રમઝટ મચાવાશે, સંતો-મહંતો આશીર્વચન પાઠવશે તેમજ વિવિધ કલાકારો પોતાની કલા પીરસશે. વધુમાં તેઓએ જણાવેલ કે ‘જન આશિર્વાદ યાત્રા’ ના માધ્યમથી દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને જન-જન ના આશીર્વાદ પ્રાપ્ત થાય અને નરેન્દ્રભાઈ મોદીનું ભારતને વિશ્વગુરૂ બનાવવાનું સપનુ સાકાર થાય એ માટે પ્રાર્થના કરાશે ત્યારે માધાપર ચોકડીથી ગોંડલ ચોકડી સુધી આ જન આશીર્વાદ યાત્રા પસાર થશે અને વિવિધ વોર્ડના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે, જેમાં રૈયા ચોકડી ખાતે વોર્ડ-૧,૨ અને ૯, કેકેવી સર્કલ ખાતે વોર્ડ-૩, ૮ અને ૧૦, ઉમીયા ચોકડી ખાતે વોર્ડ-૧૧,૧૨ અને ૧૩ ના અગ્રણીઓ ઉપસ્થિત રહી સ્વાગતની જવાબદારી સંભાળશે. એમ અંતમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરે જણાવેલ હતું.(૪.૧૬)

## જન આશીર્વાદ યાત્રાને સફળ બનાવવા બદલ બક્ષીપંચ મોરચાના તમામ કાર્યકર્તાઓ અને શહેરીજનોનો જાહેર આભાર માનતા ઉદય કાનગડ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડે રાજકોટ મહાનગર ખાતે જન આશીર્વાદ યાત્રાને સફળ બનાવવા બદલ બક્ષીપંચ મોરચાના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને શહેરીજનોનો જાહેર આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવતા જણાવેલ કે ‘જન આશિર્વાદ યાત્રા’ થકી ભારતના ભવ્ય વિકાસની આછેરી ઝલક જન-જન સુધી પહોંચાડવા પ્રવાસ કરી રહયા છે તે અંતર્ગત રાજકોટ મહાનગર ખાતેથી કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયાની ‘જન આશીર્વાદ યાત્રા’ નો એરપોર્ટ ખાતેથી પ્રારંભ થયેલ હતો. ઉદય કાનગડના માર્ગદર્શન હેઠળ બક્ષીપંચ મોરચાના તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આ યાત્રાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી ત્યારે આ ‘જન આશીર્વાદ યાત્રા’ ને સફળ બનાવવા બદલ ઉદય કાનગડે બક્ષીપંચ મોરચાના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને શહેરીજનોનો જાહેર આભાર વ્યકત કરી અભિનંદન પાઠવેલ હતા.(૪.૧૬)



## ‘જન આશીર્વાદ યાત્રા’ ને સફળ બનાવવા બદલ તમામ કાર્યકર્તાઓ અને શહેરીજનોનો જાહેર આભાર માનતા મિરાણી

## જી.પી.એસ.સી. વર્ગ-૨ની પરીક્ષા ઉતીર્ણ કરતા માંગરોળના ડો.સચિન પીઠડીયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જીલ્લાના માંગરોળના વતની ઉષાબેન અને જયંતિલાલ પીઠડીયાના પુત્ર ડો.સચિન જે. પીઠડીયા એ વર્ષ ૨૦૨૧ માં ગાંધીનગરથી લેવાતી સૌથી કઠીન ગણાતી જી.પી. એસ.સી વર્ગ ૨ અધીકારી તરીકે ગવર્મેન્ટ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસરની પરીક્ષા સમાજશાસ્ત્ર વિષયમાં ઉત્તીર્ણ કરી છે. ગત તા.૯ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમાજશાસ્ત્ર ભવન રાજકોટ મુકામે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો નિતીન પેથાણી, ઉપકુલપતિ ડો. વિજય દેસાણી, ડો. પ્રો. ભરતભાઈ રામાનુજ, ડો.પ્રો.નિકેશ શાહ, સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રો.ડો.જયશ્રીબેન નાયક હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ભવનનાપ્રો ડો. ભરતભાઈ ખેર, પ્રો. ડો રાકેશભાઈએ સાહેબે વિશેષ પ્રોત્સાહન પુરુ પાડયુ હતુ.(૬.૧૬)




**લાઠી તાલુકાનાં મિશન મંગલમ યોજના દ્વારા**

## આત્મનિર્ભર નારી શકિત સાથે સંવાદ કર્યક્રમ યોજાયો

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

લાઠી, તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગત તા.૧૨ ના રોજ વિડીયો કોન્ફરન્સ માધ્યમથી આત્મનિર્ભર નારી શક્તિ સાથે સંવાદ પોગ્રામમાં લાઠી તાલુકાના મિશન મંગલમ યોજનાના આજીવિકા મંડળના સભ્યો દ્વાર ઉત્સાહ ભેર ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમ અંતર્ગત અત્રેના તાલુકામાં ૩૧ સખી મંડળને ૪૬૫૦૦૦ (ચારલાખ પાસઠ હજાર) રૂપિયાનું રીવોલ્વીંગ ફંડ તેમજ ૧૪૦૦૦૦ (ચવુદ લાખ) નું સી.આઈ.એફ નું ચુકવણું કરવામાં આવેલ. રીવોલ્વીંગ ફંડ, સી.આઈ.એફ ફંડનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિગતવાર માહિતી તાલુકા લાઇવલીહુડ મેનેજર ઉષાબેન કે નિમાવત દ્વારા આપવામાં આવેલ. તેમજ આ કાર્યકમ દીન દયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન આજીવિકા (સખી મંડળ) ને આત્માનિર્ભર થવા કેવા કેવા લાભો મળે તેની વિશે વિગતવાર માર્ગદર્શન આસી.પ્રોજેકટ મેનેજર મંગલભાઈ એસ. મુંધવાએ આપેલ. તેમજ મુખ્યમંત્રી મંત્રી ઉત્કર્ષ યોજનામાં સારી કામગીરી કરનાર સૌરાષ્ટ્ર ગ્રામીણ બેક પીપળવા બીઓબી, ચાવંડ, દામનગર તેમજ લાઠી શાખાના બ્રાંચ મેનેજરને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ હતા. તેમજ તાલુકા પંચાયત પ્રમુખ સુનીતાબેન પરમાર, તાલુકા પંચાયત સભ્યઓ તેમજ ભાગ્યોદય ગ્રુપના ચેરમેન ધીરુભાઈ ગોદાવરી, મિશન મંગલમ યોજના એમ.આઈ.એસ. નીલેશભાઈ પરમાર તથા સખી મંડળના પ્રમુખ અને મંત્રી તેમજ સખી મંડળ બહેનો બહોળી સંખ્યામાં હાજર રહેલ તેમજ લાઠી તાલુકા ગ્રામ્ય વિસ્તારમાં પણ ટી.વી માધ્યમથી મોટી સંખ્યામાં સખી મંડળ બહેનો પ્રધાનમંત્રીનો સંવાદ કાર્યક્રમ નિહાળેલ તેવું અખબારી યાદીમાં જણાવેલ છે.(૭.૧૨)



## હિન્દુ જાગરણ મંચ દ્વારા અખંડ ભારત સંકલ્પ દિવસની ઉજવણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

હિન્દુ જાગરણ મંચ રાજકોટ મહાનગર દ્વારા ૧૪ મી ઓગષ્ટનાં અખંડ ભારત સંકલ્પ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

મંગેશભાઈ દેસાઈએ જણાવેલ હતું કે પ્રત્યેક રાષ્ટ્રભકત નાગરીક અખંડ ભારતનાં નિર્માણ માટે સુવર્ણમય સ્વપ્નને સાકાર કરવા નવી પેઢીને આ વાત સમજાવવા દર વર્ષની જેમ આ વર્ષે પણ અખંડ ભારત સંકલ્પ દિવસનાં રોજ ભારતમાતાનું પૂજન કરવામાં આવેલ હતું અને સંકલ્પ કર્યો હતો કે ફરી પાછુ અખંડ ભારત બનાવીશું. ગુલમહોર પ્લાઝા એપાર્ટમેન્ટ પેટ્રોલ પંપ સામે, પાણીના ટાંકા પાસે, રેલનગર ખાતે ભારતમાતા પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.(૬.૧૬)



## વરસાદ ખેંચાતા ધરતીપુત્રો ચિંતિત, વરૂણદેવને રીઝવવા

# વિરપુર સ્વામિનારાયણ મંદિરમાં ખેડૂતો અને સંતોની ૧૨ કલાક અખંડ ધૂન



### વરસાદને આતુરતાથી રાહ જોતા 'ધરતી પુત્રો'

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વીરપુર, તા.૧૯

ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં વરસાદ ખેંચાયો છે. ત્યારે ખેડૂતોએ વાવેલા પાક સુકાવા લાગ્યા છે. જેને લઈને ધરતીપુત્રો કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યાં છે. પરંતુ ગત વર્ષ કરતા સાવ નહિવત વરસાદ વરસ્યો છે. આથી મેઘરાજાને મનાવવા વીરપુરમાં સ્વામિનારાયણ મંદિર ખાતે ખેડૂતો, હરિભક્તો અને સંતો દ્વારા શ્રાવણી જલઝીણી અગિયારસના પાવન દિવસે ભગવાન સ્વામિનારાયણની અખંડ ૧૨ કલાકની ધૂનનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતોએ સ્વામિનારાયણ ભગવાન સમક્ષ ધૂન બોલી પોતાના ખેતરોમાં વાવેલા પાક પર મેઘરાજા વહેલી તકે વરસાદ વરસાવે તેવી પ્રાર્થના કરી હતી. રસીકભાઇ ડોબરીયા નામના ખેડૂતે જણાવ્યું હતું કે, ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે, વહેલામાં વહેલી તકે વરસાદ વરસાવે તો ખેડૂતોને રાહત મળે. પાક સૂકાવા લાગ્યા છે તો ભગવાન કૃપા વરસાવે તેવી પ્રાર્થના કરી રહ્યાં છીએ. આ અખંડ ધૂનમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને હરિભક્તો ઉમટી પડ્યા હતા. વિરપુર ગામ સહિત જ્યાં પણ વરસાદ નથી ત્યાં વરસાદ પડે, ખેડૂતો સુખી થાય, સમાજ સુખી થાય તે માટે ૧૨ કલાકની અખંડ સ્વામિનારાયણ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના ૭થી સાંજના ૭ વાગ્યા સુધી ધૂન રાખવામાં આવી હતી. કોરોના દૂર થાય અને વરસાદ થાય તેવા સમાજના હિત માટે આ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું.(૧.૧૬)

# કષ્ટભંજન દેવને દિવ્ય શણગાર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુરઃ સુપ્રસિધ્ધ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં શ્રાવણ માસ પવિત્રા એકાદશી નિમિતે દાદાને પવિત્રાનો દિવ્ય શણગાર કરવામાં આવેલ તથા શણગાર આરતી સવારે ૫:૪૫ કલાકે પૂજારી સ્વામી ધર્મકિશોરદાસ દ્વારા કરવામા આવી હતી. આ દિવ્ય દર્શનનો ઓનલાઇન લાભ અનેક ભકતોએ લીધો.(૬.૧૨)



## હિરાસર આંતરરાષ્ટ્રીય ગ્રીન ફિલ્ડ એરપોર્ટની સાઈટ વિઝીટ કરતા કલેકટર

# એરપોર્ટની કામગીરી સમયસર પૂર્ણ કરવા અધિકારીઓને તાકીદ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

કલેકટર અરૂણ મહેશ બાબુએ રાજકોટના હિરાસર ખાતે નિર્માણ પામી રહેલ આંતરરાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ એરપોર્ટની સાઈટ વિઝીટ અને સમીક્ષા બેઠક કરી એરપોર્ટ કામગીરી સમયસર પૂર્ણ થાય તે માટે એરપોર્ટ અધિકારીઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

કલેકટરએ બાઉન્ડરી વોલની અંદર જુના હિરાસર, લીમાકોટાડી અને ડોસલીધુના ગામોના બાકી રહેતા પ્રશ્નોનું ગ્રામજનોના સાથ સહકારથી સ્થળાંતર પૂર્ણ કરવા મામલતદાર અને પ્રાંત અધિકારીઓને સૂચના આપી હતી. આ સાથે ઇન્ટર્નલ રોડ ડાયવર્ઝન, ઇલેક્ટ્રિસિટી વાયરીંગ શિફ્ટિંગ, વિન્ડ મિલ શિફ્ટિંગ સહિતના મુદ્દે સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. કલેકટર અરૂણ મહેશ બાબુ, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી સહીત વિવિધ વિભાગના અધિકારીઓએ રનવે, ચેક ડેમ, સહિતની વિવિધ સાઈટની મુલાકાત લીધી હતી. આ તકે એરપોર્ટ ઓથોરિટીના જનરલ મેનેજર લોકનાથ પાધે અને ડેપ્યુટી જનરલ મેનેજર અમિતાભ ચક્રવર્તીએ ચાલી રહેલ કામની માહિતી પુરી પાડી હતી.(૧.૧૬)

# સૌ. યુનિવર્સિટી પત્રકારત્વ ભવન દ્વારા માહિતી ખાતાની મુખ્ય પરીક્ષા માટે તાલીમનું આયોજન

**માહિતી ખાતાના વર્ગ ૧-૨ અને ૩ ની મુખ્ય પરીક્ષા માટે આગામી તા.૨૩ થી ૨૭ સુધી તાલીમ વર્ગો યોજાશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકારત્વ ભવન દ્વારા રાજય સરકારના માહિતી ખાતાની ભરતી માટેની મુખ્ય પરીક્ષાને અનુલક્ષીને વિદ્યાર્થીઓને તૈયારીમાં સરળતા રહે તે હેતુ સરવિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજયના માહિતી ખાતામાં વર્ગ ૧-૨ અને ૩ માટેની ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ભરતી માટેની પ્રીલીમીનરી પરીક્ષા તાજેતરમાં જ પૂર્ણ થઇ અને એમાં પાસ થયેલા વિદ્યાર્થીઓએ હવે મુખ્ય પરીક્ષા આપવાની છે. આ પરીક્ષાને ધ્યાને રાખીને પત્રકારત્વ ભવન દ્વારા પરીક્ષાર્થીઓ માટે ખાસ કલાસનું આયોજન કર્યું છે. તા. ૨૩ થી ૨૭ સુધી બપોરે ૧૨ વાગ્યાથી પત્રકારત્વ ભવનમાં શરુ કરવામાં આવશે. આ પરીક્ષા માટે માહિતી ખાતાના અધિકારીઓ તેમજ પત્રકારત્વ ક્ષેત્ર સાથે જોડાયેલા નિષ્ણાતો તાલીમ આપશે. આ કલાસમાં જોડાવવા માંગતા વિદ્યાર્થીઓએ આગામી તા. ૨૧ સુધીમાં સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં પોતાના નામ પત્રકારત્વ ભવનમાં નોંધાવાના રહેશે. કોરોનાની સંપૂર્ણ ગાઇડલાઇનના પાલન સાથે કલાસનું આયોજન કરવામાં આવ્યું હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.(૭.૧૨)

## માંડા ડુંગરમાં અપહરણ, મારકૂટ અને ધમકીનાં કેસમાં

# આરોપીના ચાર્જશીટ પહેલા રેગ્યુલર જામીન મંજૂર કરતી સેસન્સ કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

માંડા ડુંગર વિસ્તારના અપહરણ, મારકૂટ અને ધમકીનાં ગુનામાં આરોપી વલ્લભભાઈ મીઠાભાઈ પરમાર સામે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ગત તા.૨૦-૬ નાં રોજ નોંધાવેલ હતી. પોલીસે આરોપીની ઘણી શોધખોળ કરેલ ત્યારબાદ ગત તા.૩-૮ નાં રોજ આરોપી વલ્લભભાઈ મીઠાભાઈ પરમારની પોલીસે અટક કરી કોર્ટમાં રજૂ કરતા આરોપીને કોર્ટ જેલ હવાલે કરેલ, ત્યારબાદ આરોપીએ સેસન્સ અદાલતમાં જામીન અરજી કરેલ જે સેસન્સ અદાલતે આરોપીને શરતોને આધીન જામીન અરજી મંજુર કરેલ.

આ કામના આરોપીની જામીન અરજી તેમના જાણીતા યુવા વકીલ કલ્પેશ એલ. સાકરીયાએ કરેલ ધારદાર દલીલો તેમજ ઉચ્ચ કોર્ટના ચુકાદાઓ રજૂ રાખેલા જે ધ્યાને લઇ દલીલો માન્ય રાખી આરોપીને શરતોને આધીન રૂ. ૨૦,૦૦૦ વીસ હજારના જામીન ઉપર જેલ મુક્ત કરવાનો હુકમ કરેલ. આ કામના આરોપી વલ્લભભાઈ મીઠાભાઈ પરમાર વતી રાજકોટનાં જાણીતા યુવા વકીલ કલ્પેશભાઈ એલ.સાકરીયા તથા રાહુલ બી. મકવાણા તથા પરેશ એન. કુકાવા રોકાયેલ હતા.(૧.૧૨)

# સિસ્ટર નિવેદિતા શૈક્ષિણક સંકુલ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ શિક્ષકો અને સંસ્થાના સંસ્થાપક દ્વારા રાષ્ટ્રના ૫ માં સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

આ વર્ષના સ્વાતંત્ર્ય દિનને 'આઝાદીના અમૃત મહોત્સવ' ના પ્રારંભ તરીકે ઉજવવાનો હોવાથી ઉપસ્થિત સર્વે વિદ્યાર્થીઓના મનમાં ખૂબજ ઉત્સાહ હતો.

કાર્યક્રમના પ્રારંભે દેશ ભાવના સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું. સંસ્થાની પ્રણાલિ મુજબ બાલમંદિરની બાલિકા જાહ્નવી વ્યાસના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવેલ. આ અવસર પર શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સુઘડ ગણવેશ સ્પર્ધા પણ યોજાઈ અને કોરોનાના નિયમો ધ્યાને રાખી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.(૬.૧૬)

# શેરે અલી યંગ ગ્રુપ દ્વારા ૭૫ માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી



**જંગલેશ્વર વિસ્તારના લોકોને શરબત વિતરણ કરાયું**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં મેઈન રોડ ઉપર શેરે અલી યંગ ગ્રુપ દ્વારા ૭૫ માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. સવારે ૮ વાગ્યે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજેલ. જેમાં ડો.અબ્દુલ બેલીમ, હાસમભાઈ મેતાજી, શાહરૂખ ખાનપરા, સાફેજ માંડલીયા, સોહિલ બ્લોચ, નવાજ માંડલીયા, આસિફ ઠાસરીયા, અખીર ઠાસરીયા, ઈશાભાઈ પતાણી, સિકંદર પીપરવાડીયા, આશીફ બાપુ, ફારૂક ચાવડા મુનીર, અશ્વિન કાનગડ, જુમાભાઈ માંડલીયા, હનીફભાઈ પતાણી, સલીમભાઈ કારવા, મહેબુલભાઈ સંધી, પ્રકાશ વાળંદ, દિનેશ રાઠોડ વગેરે જોડાયેલા અને દેશભક્તિનાં ગીતો વગાડી જંગલેશ્વર વિસ્તારના લોકોને શરબતનું વિતરણ કર્યું હતું.(૬.૧૨)

# ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

**સંતોષ ટ્રોફી રાજકોટમાં રમાય તેવી માંગણી કરતા ઉપપ્રમુખ ડેલાવાળા**

**ગુજરાત ફૂટબોલ એસોસીએશનનાં હોદેદારોઃ ૪ વર્ષ માટે**

પ્રમુખ- પરિમલભાઈ નથવાણી (રિલાયન્સ ગ્રુપ)- અમદાવાદ
ઉપ પ્રમુખ- ગુણવંતભાઈ ડેલાવાળા (સરગમ કલબ)- રાજકોટ
મંત્રી- મુળરાજસિંહ ચુડાસમા (ભાવનગર)
ખજાનચી- મયંકભાઈ બુચ (ભરૂચ)


(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

ગત તા.૧૫ ને રવિવારનાં રોજ ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસીએશનની વાર્ષિક સાધારણ સભા અમદાવાદ મુકામે હોટલ કોર્ટયાર્ડ મેરીટમાં પ્રમુખ પરિમલભાઈ નથવાણીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ. જેમાં ગુજરાતના ૨૮ જીલ્લાના પ્રતિનિધિ ઉપસ્થિત રહેલ. મીટીંગની અંદર ૪ વર્ષના ઓડીટ હિસાબો રજુ કરેલ અને નવા વર્ષના હોદેદારોની જાહેરાત કરવામાં આવેલ. તેમજ અન્ય ઉપપ્રમુખ અને જોઈન્ટ સેક્રેટરીની પણ જાહેરાત કરવામાં આવેલ.

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસીએશનમાં રાજકોટ ફૂટબોલ એસોસીએશનમાં રાજકોટના ગણનાપાત્ર હોદેદારો પ્રતિનિધિત્વ મળેલ. જેમાં રાફેલ ડાભી ગુજરાતના બોયઝ સીનીયર સીલેકટર, જયેશભાઈ કનોજીયા બોયઝ જુનીયર સિલેકટર અને રોહિતભાઈ બુંદેલા રેફરી કમિટીના ચેરમેન તથા એકઝીક્યુટીવનાં મેમ્બર આ બધાની નિમણુંક થયેલ. આ મીટીંગની અંદર કોરોના હળવો થયા બાદ સમગ્ર ગુજરાતની ફૂટબોલ રમતની સ્પર્ધા માટે નક્કી કરેલ છે. મીટીંગની અંદર ગુણવંતભાઈ ડેલાવાળાએ સંતોષ ટ્રોફી રાજકોટમાં રમાઈ તેવી માંગણી કરેલ છે. તેમ યાદીમાં જણાવાયું છે.(૬.૧૨)

# રાજકોટ ભાજપના અગ્રણી ડો.કિરીટ પાઠકનો આજે જન્મદિવસ



રાજકોટ ભાજપનાં અગ્રણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં પૂર્વ ચેરમેન અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં કાયદા વિભાગનાં પૂર્વ નાયબ કુલસચિવ ડો.કિરીટ પાઠકનો આજે જન્મદિવસ છે. તેમના ૬૧ વર્ષ પૂર્ણ થયા અને ૬૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે છેલ્લા ચાર દાયકાથી સંકળાયેલ છે અને ગુજરાત ભાજપ યુવા મોરચામાં પ્રદેશ કારોબારી સભ્ય તરીકે પણ કામગીરી કરેલી છે. ત્યારે વિવિધ સમાજનાં અગ્રણીઓ, સામાજીક, શૈક્ષણિક, સેવાકીય સંસ્થાઓના અગ્રણીઓ તેમના મો. ૯૪૨૯૨૪૪૯૯૯ પર જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી ડો.કિરીટ પાઠકને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...(૭.૧૨)

## નામચીન નિખીલ દોંગા સામેના ગુજસીટોકનાં કેસમાં

# જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ વોરા સ્પે.પી.પી.તરીકે નિમાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

ગોંડલ અને જેતપુરમાં ડઝનથી વધુ ગંભીર ગુન્હાઓમાં સામેલ નામચીન નિખીલ દોગા અને તેના તમામ સાગરીતો સામે નોંધાયેલ ગુજસીટોક હેઠળના કેસમાં પોલીસ તપાસ પુર્ણ થતા તમામ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ થયેલ. જિલ્લા સરકારી વકીલ તરીકે ફરજ બજાવતા સંજયભાઈ કે. વોરાને સ્પે.પી.પી. તરીકે નિમણુંક આપેલ છે.

વર્ષ- ૨૦૨૦ માં અમલમાં આવેલ ગુજસીટોકના કાયદા હેઠળ નામચીન હિસ્ટ્રીશીટર ગુનેગારો અને તેઓની ટોળકીના ગુનાઓને નાથવા માટે ગુજરાત સરકારે ત્રાસવાદ વિરોધી કાયદો લાવી રાજકોટ, જામનગર, ગોંડલ અને અમરેલી વિગેરે શહેરોમાં અનેક નામચીન ગુનેગારો સામે આ કાયદા હેઠળ કાર્યવાહી શરૂ કરેલ હતી. જામનગરના કુખ્યાત ભુમાફીયા જયેશ પટેલ અને તેના ૧૬- સાગરીતો વિરૂધ્ધ નોધાયેલ ગુજસીટોકના ગુન્હામાં તમામ આરોપીઓની તમામ પ્રકારની અરજીઓ સ્પે.પી.પી. તરીકે સંજયભાઈ વોરાએ રજુઆતો કરી રદ કરાવેલ હતી. આ કામગીરીને ધ્યાનમાં લઈ ગોંડલના નામચીન નિખીલ દોગા અને તેના સાગરીત સામે નોંધાયેલ ગુજસીટોકનો કેસ ચલાવવા માટે કાયદા શાખાએ ખાસ હુકમ કરેલ છે. નિખીલ દોગા સામેના આ કેસમાં નામચીન ગુનેગારો ઉપરાંત ગોંડલ જેલના જેલર પરમારનો પણ સમાવેશ થાય છે. તપાસનીશ અમલદારએ તપાસ પણ કરી તમામ આરોપીઓ સામે નામ. કોર્ટમાં ૩૦૦૦ પાનાનું ચાર્જશીટ રજુ કરેલ છે. કાયદાની જોગવાઈઓ મુજબ આ તમામ આરોપીઓ સામે ચાર્જશીટ મુજબનો કેસ પ્રોસીકયુશને સાક્ષીઓની જુબાની અને દસ્તાવેજોથી પુરવાર કરવાનો રહે છે જે તબકકો કાનુની પ્રક્રિયામાં ઘણો જ મુશ્કેલ ગણવામાં આવે છે. આ તબકકે નિખીલ દોગા અને ટોળકી સામે ગુજસીટોકનો આ કેસ પુરાવા માટે શરૂ થનાર હોય જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ વોરાને ખાસ હુકમથી આ કેસ ચલાવવા નિમણુંક અપાયેલ છે.(૧.૧૨)

# રામેશ્વર મહિલા મંડળ દ્વારા ૩ ગૌશાળાની ગાયો માટે લાડવા બનાવાયા



**શનિવારે સાંજે ૫ કલાકે સત્યનારાયણની સામુહિક કથામાં ભાગ લેવા ધર્મપ્રેમીઓને અનુરોધ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડનં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળનાં ઉપક્રમે મહાદેવધામમાં ત્રણ ગૌશાળાની ગાયો માટે લાડવા બનાવી પ્રાણીમાત્રનું કલ્યાણ સુત્ર સાર્થક કરવામાં આવ્યું હતું.

ગૌશાળા માટે લાડવા બનાવવાના પ્રેરણા સ્ત્રોત જ્યોતિબેન પુજારાએ મહિલા મંડળના તમામ બહેનો, સહયોગી દાતાઓનો આભાર માની શ્રાવણ માસ દરમ્યાન ક્રમિક ગૌશાળા માટે લાડવા બનાવવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

ગૌશાળા માટે લાડવા બનાવવામાં મુખ્ય જ્યોતિબેન પુજારા, શોભનાબેન ભાણવડિયા, હંસાબેન ચુડાસમા, ભારતીબેન ગંગદેવ, વાસંતીબેન દવે, આશાબેન મજેઠીયા, પ્રફુલ્લાબેન બોરીચા, શોભનાબેન જોઢંગીયા, હર્ષાબેન ચોટાઈ, હીરાબેન બારોટ, પ્રફુલ્લાબેન દવે, પ્રતિભાબેન પંડિત, દિવ્યાબેન, ભકિતબેન, યશોધરાબેન સહિત મહિલા સદસ્યોએ ભાગ લઈ સરાહનીય કાર્ય કર્યું હતું.

મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસે હિંડોળા અને મહાદેવધામમાં આગામી તા.૨૧ એ સાંજે ૫ કલાકે સત્યનારાયણની સામુહિક કથામાં ભાગ લેવા, કથાનું રસપાન સાંભળવા ધર્મપ્રેમીઓને અનુરોધ કર્યો હતો. આગામી નવરાત્રિ મહોત્સવ સંબંધી મિટીંગની જાહેરાત કરવામાં આવી હતી. તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.(૬.૧૨)

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત

# સરસ્વતી પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)



રાજકોટ, તા.૧૯: નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરસ્વતી પ્રાથમિક શાળા નંબર ૯૭ માં સ્વાતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી. ઉજવણીના ભાગરૂપે મહેમાનો દ્વારા ધ્વજ વંદન, વાલી મીટીંગ અને રંગોળી પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યું. વાલી મિટિંગમાં શાળા બંધ છે ત્યારે બાળકો કઈ રીતે ભણી શકે તે માટે જાગૃતિ લાવવા શિક્ષક શિલ્પાબેન ડાભીએ માર્ગદર્શનરૂપ વક્તવ્ય આપ્યું. સ્થાનિક આગેવાનો તથા વાલીઓએ વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલી રંગોળીનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું જેમાં રાષ્ટ્રધ્વજ થીમ પર રંગોળી કરવામાં આવી હતી. બાળકોની શિક્ષણ તથા ઓનલાઇન શિક્ષણમાં જોડાવા માટે વાલીઓને અનુરોધ કરવામાં આવ્યો.(૬.૧૬)

## દેના બેન્કનું બેન્ક ઓફ બરોડામાં વિલીનીકરણ થતા

# વડિયામાં IFSC કોડના કારણે કિસાન સન્માન નિધિની સહાય અટકી

**ઝડપી નિરાકરણ લાવવા પૂવ મંત્રી બાવકુ ઊંધાડની નાણામંત્રી, મુખ્યમંત્રી, કૃષિમંત્રી અને અમરેલી કલેકટરને રજૂઆત**



(અમારા પ્રતિનિધિ દ્વારા)

વડિયા, તા.૧૯

કેન્દ્ર સરકાર દ્વારા દેશના ખેડૂતોના ખાતામા કિસાન સન્માન નિધિના રૂપમાં વર્ષે છ હજારની રકમ જમા કરવામાં આવે છે. જે સીધી સહાય ખેડૂતોને મળે છે. આ સહાય મેળવવા માટે જેતે સમયે બેન્ક એકાઉન્ટ નંબર અને બેન્ક નો IFSC કોડ મુજબ સહાય આપવામાં આવતી હતી. હાલ દેશમાં દેનાબેંકનુ બેન્ક ઓફ બરોડામાં વિલિનિકરણ થતા દેના બેન્કમાં જે ખેડૂતોના ખાતા હતા તેનો IFSC કોડ જૂનો હોય અને હાલ તે ખાતામાં બેન્ક ઓફ બરોડા નો IFSC કોડ આવતો હોવાથી અપડેટની કાર્યવાહીના કારણે અનેક ખેડૂતો કે જેઓ પેહલા દેનાબેંકમાં ખાતું ધરાવતા હતા તેની મળવા પાત્ર કિસાન સન્માન નિધિની રકમ અટકી છે અને હજુ સુધી મળી નથી. આ બાબતની રજુઆત અમરેલી જિલ્લાના લોકનેતા અને પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડને ખેડૂતો દ્વારા કરવામાં આવતા તેમના દ્વારા આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી બેન્ક ખાતામાં IFSC કોડ બદલવાની કાર્યવાહી કરાવવા અને વહેલી તકે કિસાન સન્માન નિધિની રકમ ખેડૂતોના ખાતામાં જમા થાય તે માટે દેશના નાણા મંત્રી નિર્મલા સીતારામન, રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી, કૃષિમંત્રી આર.સી. ફળદુ અને અમરેલી કલેક્ટરને ખેડૂતોના આ પ્રશ્નનુ ઝડપી નિરાકરણ લાવવા લેખિત રજુઆત કરી માંગણી કરવામાં આવી છે.(૬.૧૬)

## આગામી તા. ૨૫ને બુધવારે ગીરનારની ગોદમાંથી પાંચ દિવસની કરણી યાત્રાનો થશે પ્રારંભ

# કરણીનાં કાને જશે, અંતર તણો અવાજ; તો જવા નહીં દે જોગણી, લાખે વાતે લાજ

## બહોળા પ્રમાણમાં લોકો કરણીજીનાં પદ પૂજન માટે ગીરનારથી યાત્રામાં જોડાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

આગામી તા.૨૫ ને બુધવારનાં રોજ ગિરનારનાં બલીયાવળથી પાંચ દિવસની કરણી યાત્રાનો પ્રારંભ થનાર છે. દેવલમાં બહોળી સંખ્યામાં ભકતો સાથે રાજસ્થાનનાં વિવિધ ધાર્મિક સ્થળોએ યાત્રા કરશે અને ભકત ગણોને દર્શનનો લાભ દઈને ભાવવિભોર કરશે. રાજસ્થાનની યાત્રામાં ભાદ્રેશ (ઈશરદાસજી) તેમડેરાય (આવળમાં), ભાદરીયારાય (આવળમાં), ગડીયાલાધામ (કરણીમાં), દેશનોક (કરણીમાં), બહુચરાજી સહિતનાં તિર્થધામ પર દેવલમાં યાત્રા કરશે. આ પાંચ દિવસની યાત્રાની વધુ વિગત જોઈએ તો આગામી બુધવારને તા.૨૫ નાં રોજ સવારે ૯:૨૧ મીનીટે જૂનાગઢનાં બલીયાવળથી માતાજી યાત્રા માટે પ્રસ્થાન કરશે અને બહોળી સંખ્યામાં વધુ ભક્તો પણ આ યાત્રામાં જોડાશે. સવારે ૧૧ વાગ્યે રાજકોટ પહોંચશે. જ્યાં ભકતજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

ત્યાંથી ૧ વાગ્યે મોરબી પહોંચશે. ત્યારબાદ લાકઠીયા, સૂઈગામ અને સાંજે ૭ વાગ્યે સૂહાગી પહોંચશે. જ્યાં રાત્રી પ્રસાદનું તેમજ વિશ્રામની વ્યવસ્થા રાખવામાં આવી છે. યાત્રાનાં બીજા દિવસે તા.૨૬ ને ગુરૂવારનાં રોજ સૂહાગીથી તેમડેરાયની યાત્રા શરૂ થશે. જેમાં સવારે ૭ વાગ્યે સૂહાગીથી પ્રસ્થાન કરીને સાતા, ઓહટન, બાડમેર થઈને ૧૨ વાગ્યે ભાદ્રેશ પહોંચશે.

જ્યાં મહાઆરતી તેમજ મહાપ્રસાદનું આયોજન કરાયું છે. ત્યારબાદ સુરા, દુદાબેરી, બલેવા, હરસાણી, ઝાકલી, ફતેહગઢ, સાંગડ, સુમલીઆઈથી થઈને સાંજે ૬:૧૫ વાગ્યે તેમડેરાય પહોંચશે. જ્યાં આવળમાંની મહાઆરતી કરાશે અને મહાપ્રસાદ તેમજ વિશ્રામની વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રાનાં ત્રીજા દિવસે તા.૨૭ નાં રોજ સવારે ૮ વાગ્યે તેમડેરાયથી પ્રસ્થાન કરીને જેસલમેર પહોંચશે. જ્યાં પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે. જેસલમેરથી ભાદરીયારાય, ગડીયાલા, બિકાનેર થઈને સાંજે ૫:૩૦ કલાકે દેશનોક પહોંચશે, જ્યાં માં કરણીની મહાઆરતી કરાશે તેમજ રાત્રી વિશ્રામ પણ ત્યાંજ કરાશે. યાત્રાનાં ચોથા દિવસે તા.૨૮ ને શનિવારનાં રોજ દેશનોકથી સવારે ૭ વાગ્યે પ્રસ્થાન કરીને નોખા, જોધપુર થઈને બપોરે ૧ વાગ્યે બાસની પહોંચશે. જ્યાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાંથી સિરોહી થઈને પાલનપુર પહોંચશે. યાત્રાનાં પાંચમાં દિવસે સવારે ૮ વાગ્યાથી પાલનપુરથી પ્રસ્થાન કરીને ૧૦ વાગ્યે બહુચરાજી પહોંચશે. જ્યાં મહાઆરતી યોજાશે. ત્યાંથી માતાજી જૂનાગઢનાં બલીયાવળ ખાતે આવવા પ્રસ્થાન કરશે અને ગીરનારના માતાજી દેવલમાંના આશ્રમ ખાતે માતાજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે તેમજ સામૈયા કરવામાં આવશે.

આ પાંચ દિવસની કરણી યાત્રામાં માતાજી અનેક જગ્યાએ પોતાના ભાવિભકતોને દર્શનનો લાભ આપી ભાવવિભોર કરશે. આ યાત્રા દરમ્યાન દર્શન લાભાર્થી ભક્તો યાત્રાનાં નજીકનાં સ્થળે આવીને માતાજીનાં દર્શનનો લાભ લઇ શકશે. માતાજીની આ યાત્રામાં લ્હાવો લેવા તેમજ માં ના આશિર્વાદ મેળવવા માટે બહોળી સંખ્યામાં આઈ ભકતો જોડાવવાના છે. તેમજ યાત્રાનાં રૂટ પર જેવા કે, સૂહાગી, તેમડેરાય, દેશનોક, સિરોહી આ ચાર જગ્યાએ ભવ્યાતી ભવ્ય કરણીજીનું સંધ્યા પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કરણીજીનાં પદપૂજન માટે ગીરનારથી નિકળનાર આ યાત્રામાં આઈ ભક્તો જોડાશે. એક ગુજરાતી દૂહો છે કે, માં તારું દર્શન દુર્લભ છે અને તારા દર્શનથી અમારા દુઃખ ભાગે છે. અરજ કરીને માં ને શીશ નમાવી છીએ અને એ જ ધન ભાગ્ય આજ આપણા સૌના છે. આ ધનભાગ્યનો લાભ લઇ માતાજીનાં દર્શન માટે સૌ કોઈને આવવા અનુરોધ છે અને આ દુનિયામાં માં થી મોટું કોઈ નથી. પછી ભલે ને હોય જળધર કે જગદીશ, માં ને સૌ કોઈ નમાવે શીશ. આ પાંચ દિવસની યાત્રામાં જોડાવા માટે સૌ કોઈ ભક્તોને આમંત્રણ છે.(૪.૧૨)



## માં થી મોટું કોઇ નહીં, જળધર કે જગદિશ, સૌ કોઇ નમાવે શિશ, અંબા આગળ આલીયા...






### કરણીજી મહારાજનું સંધ્યા પૂજન

પાંચ દિવસીય યાત્રા દરમિયાન યાત્રાના રૂટમાં આવનાર સૂહાગી, તેમડેરાય, દેશનોકને સિરોહી ખાતે આઇશ્રી કરણીજી મહારાજનું સંધ્યા પૂજન આઇશ્રી દેવલમાં નાં કરકમલો દ્વારા કરવામાં આવશે. ભવ્યાતિ ભવ્ય સંધ્યા પૂજનનાં દર્શનનો લ્હાવો લેવા ભાવિકોમાં અનેરો ઉત્સાહ ઉઠી રહ્યો છે.

### રાજકોટ ખાતે ભવ્ય સ્વાગત સામૈયા વાંક પરિવારનાં આંગણે

રાજકોટ તારીખ ૨૫ નાં સવારે ૧૦ વાગ્યે આઇશ્રી દેવલમાં પધારવાના છે. શ્રી ક્રિષ્ના ગૌશાળા મવડી પાળ રોડ ટીલાળા ચોક ખાતે સ્વ. રામસુરભાઈ ગોરાભાઇ વાંક, સ્વ. બાબુભાઈ રામસુરભાઈ વાંક, સ્વ. બટુકભાઈ રામસુરભાઈ વાંક પરિવાર દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ ચારણ સમાજની અનેક સંસ્થાઓ દ્વારા આઇશ્રી દેવલમાંનું સ્વાગત સામૈયાની તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.



રાજસ્થાનનાં વિવિધ સ્થળોએ આઈશ્રી દેવલમાં યાત્રા કરીને ભક્તોને ભાવવિભોર કરશે

## સુરેન્દ્રનગરના ગઢાદમાં પાક નિષ્ફળ જતા ખેડૂતનો આપઘાત

વઢવાણ તા. ૧૯

સુરેન્દ્રનગરના જિલ્લામાં ખેડૂતે આર્થિક સંકડામણમાં આવી અને આત્મહત્યા કરી લેતા ચકચાર જાગી છે. ચોમાસુ નબળું રહેતા અને પાક નિષ્ફળ જતા ખેડુત ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે.

દુષ્કાળની પરિસ્થિતિમાં ખેડૂતોને તાત્કાલિક મુખ્યમંત્રી સહાય યોજનામાં સહાય ચુકવવામાં આવે તેવી ખેડૂત અગ્રણીઓની માંગ છે. મુળી તાલુકાનાં ગઢાદ ગામે રહેતા ખેડૂત ગુમાનસિહ દોલુભા પરમાર ઉ.વ.૫૨ એ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી તેઓને તાત્કાલિક સારવાર માટે મુળી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતાં ત્યાં હાજર ડોકટર દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં અને કુટુંબીજનોમાં રોકકળ સાથે ગમગિની છવાઈ ગઈ હતી હાલનાં વર્ષમાં વરસાદ ખેંચાતા ખેડૂતોની અતિ દયનીય સ્થિતિ ઊભી થઈ છે ત્યારે ખેડૂતો એ વાવણી કરી તમામ નાણાં ખેતીમાં ખર્ચી નાખેલ હોય અને વરસાદ ખેંચાતા દુષ્કાળના ડાકલા વાગવા લાગ્યા છે ત્યારે ખેડૂતો હીંમત હારી ને અંતીમ પગલું ભરતાં હોય છે મૃતક ને વીસ વિઘા જમીનમાં ખેતી કરી ગુજરાન ચલાવતા હતા સતત આર્થિક સંકડામણ અનુભવતા અંતીમ પગલું ભર્યું હતું આ બનાવથી ગઢાદ ગામે ગમગીની છવાઈ ગઈ હતી.(૯.૪)

### વિ.હિ.પ જન્માષ્ટમી મહોત્સ સમિતિનું અદકેરૂ આયોજન

# ગોપી-કિશન સ્પર્ધામાં બાળકો ઘેર બેઠા ભાગ લઈ શકશે

### સ્પર્ધાના કન્વીનર પદે વિઝન સ્કૂલના કેતનભાઈ રબારી, સહકન્વીનર પદે ગાર્ગી સ્કૂલના રમાબેન હેરભાની નિમણુંક કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા માટે અનેકવિધ કાર્યક્રમોનું અદકેરૂ આયોજન કરવામાં આવ્યું છે.

ગત વર્ષે પણ યોજાયેલ બાળકો માટેની ગોપી-કિશન સ્પર્ધાને ખૂબ સુંદર પ્રતિસાદ મળ્યો હતો માટે આ વર્ષે પણ બાળકોને ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવમાં જોડવા માટે ગોપી-કિશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ આ વર્ષે ગોપી-કિશન સ્પર્ધાનું આયોજન સુંદર અને વ્યવસ્થિત થઈ શકે તે માટે વિ.હિ.પ. પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા આયોજીત ગોપી-કિશન સ્પર્ધાના કન્વીનર પદે વિઝન સ્કૂલના કેતનભાઈ રબારીની નિમણુંક કરવામાં આવી છે તેમજ સહકન્વીનર પદે ગાર્ગી સ્કૂલના રમાબેન હેરભાની નિમણુંક કરવામાં આવી છે. જેમાં જોડવવા માટેની કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી અને તદ્દન નિ:શુલ્ક ધોરણે આ સ્પર્ધા યોજવામાં આવશે અને ગત વર્ષની માફક બાળકોને સમૂહમાં એકત્રીત કરી શકાય તેમ ન હોય ઘરેથી ગોપી-કિશન સ્પર્ધાનો ભાગ લઈ શકે તે માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી ઘરેથી જ સ્પર્ધામાં ભાગ લઈ શકે તે માટેની વ્યવસ્થા કન્વીનર કેતનભાઈ રબારી દ્વારા કરવામાં આવેલ છે. તો દરેક બાળકોને રૂબરૂ બોલાવી થઈ શકે તેમ ન હોય જેથી આ વખતે ઘર બેઠા બાળક ગોપી અને કિશન બની તેનો વિડીયો બનાવી અને આ સ્પર્ધામાં




### આજથી તા.૨૮ સુધી વીડીયો ઓનલાઈન મોકલી શકાશે

ભાગ લઈ શકે છે અને આ સ્પર્ધામાં આજથી તા. ૨૮ સુધીમાં આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા સૌપ્રથમ મોબાઈલ નંબર ૯૪૨૯૨ ૪૬૭૦૪ ઉપર વ્હોટસપમાં કઈ પણ મેસેજ કરવાથી સામે મેસેજ આવશે. જેમાં એક લીંક આપવામાં આવશેઅને આ લીંક ઉપર ટચ કરવાથી એક ફોર્મ ખુલશે જેમાં સૌ પ્રથમ નિયમો જણાવેલ હોય અને ત્યારબાદ જરૂરી વિગતો ભરી બાળકે બનાવેલ વિડીયો અપલોડ કરવાનો રહેશે. (૪.૧૩)

### :સ્પર્ધાના નિયમો:

(૧)વધુમાં વધુ ૧૨ વર્ષ અથવા ધોરણ ૭ સુધી અભ્યાસ કરતા બાળકો ભાગ લઈ શકશે
(૨)બાળકે સૌપ્રથમ વિડીયો બનાવવાનો રહેશે અને સૌપ્રથમ આખુ નામ બોલવાનું રહેશે.
(૩)બાળક કાનુડો -ગોપી કોઈપણ પાત્ર ભજવી શકશે
(૪)બાળક કાનુડો -ગોપી ડ્રેસ(પહેરવેશ) ફરજીયાત પહેરવાનો રહેશે.
(૫)બાળક જરૂર મુજબ મુજબનો મેક-અપ/ શુસોભન કરી શકશે.
(૬)બાળકે પોતાના સ્વરમાં ઓછામાં ઓછું એક વાક્ય બોલવુ ફરજીયાત છે.
(૭)વધુમાં વધુ એક મિનીટ નો વિડીયો બનાવી શકાશે.



## રાજકોટ ક્રાઈમ

### જંગલેશ્વરમાં મહિલાએ ગળાફાંસો ખાઇ જીંદગી ટુંકાવી

રાજકોટઃ જંગલેશ્વર શેરી નં. ૨૮માં રહેતી તબ્બસુમ જાકીર અન્સારી (ઉ.વ.૨૫) નામની પરિણીતાએ લોખંડના એંગલમાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. બનાવની જાણ ૧૦૮ના ઇએમટી જીગરભાઇએ કરતાં ભકિતનગરના એએસઆઇ નરેન્દ્રભાઇ જી. ભદ્રેચા અને તરૂણભાઇ જાનીએ બનાવ સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર તબ્બસુમબેનના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતાં. તેમને સંતાન નથી. પતિ બુધવારી, રવિવારી, શનિવારી બજારોમાં કપડા વેંચી ગુજરાન ચલાવે છે. પતિ સાંજે બુધવારીમાંથી આવ્યો ત્યારે ડેલી ખોલી ફળીયામાં આવતાં જ પત્નિ એંગલમાં લટકતી જોવા મળતાં દેકારો મચાવતાં બહાર સબીલેથી લોકો દોડી આવ્યા હતાં અને કોઇએ ૧૦૮ બોલાવી હતી. માનસિક બિમારીથી કંટાળીને તેણીએ આ પગલુ ભર્યાનું હાલ બહાર આવ્યું છે. બિમારીની દવા પણ ચાલુ હતી.(૪.૪)

### જેલમાં કેદીએ વધુ ટીકડીઓ પી લીધી, તબિયત બગડતા સારવાર હેઠળ

રાજકોટ : સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી મિતેન ઉર્ફે રાજૂ અરવિંદભાઇ દુબલ (ઉ.વ.૫૦) નામના પાકા કામના કેદીએ બિમારીની વધુ પડતી ટીકડીઓ પી લેતાં તબિયત બગડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. મિતેન ઉર્ફે રાજૂ વિરૂધ્ધ એ-ડિવીઝન પોલીસમાં હત્યાનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં તે પાકા કેદી તરીકે જેલમાં છે. તે ભાનમાં આવ્યા બાદ પોલીસ તેનું નિવેદન નોંધશે.(૪.૪)

### ધોરાજી વાવડીના યુવાન પર રાજકોટમાં કડા-પટ્ટાથી હુમલો

રાજકોટ : ધોરાજીના નાની વાવડી ગામે રહેતાં અને રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડીએ ટ્રાવેલ્સ બસમાં કલીનર તરીકે કામ કરતાં જીજ્ઞેશ દાનાભાઇ ખાંભલા (ઉ.વ.૩૦)ને રાતે અગિયારેક વાગ્યે ગ્રીનલેન્ડ ચોકડીએ હતો ત્યારે તેના જ ગામના ભૂપત સહિતના શખ્સોએ આવી ઝઘડો કરી હાથમાં પહેરવાના કડાથી અને પટ્ટાથી બેફામ માર મારતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ચોકીના એએસઆઇ રાજુભાઇ ગીડાએ બી-ડિવીઝનમાં જાણ કરી હતી. જીજ્ઞેશના કહેવા મુજબ અગાઉ તેણે ગામમાં ભૂપત સાથે માથાકુટ થતાં તેના વિરૂધ્ધ ફરિયાદ કરી હોઇ તે બાબતનો ખાર રાખી આ હુમલો કરાયો હતો.(૪.૪)

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

### શહેર પોલીસે વધુ એક વખત ગેરકાયદે ગર્ભપરીક્ષણના કારસ્તાનનો પર્દાફાશ કર્યો

# ધો. ૧૨ પાસ મહિલા ગોરખધંધા ચલાવતી'તીઃ ૩૦થી વધુ ગેરકાયદે પરીક્ષણનો પર્દાફાશ

### મનપાના અધિકારીએ ફરિયાદ નોંધાવીઃ વાયરલેસ પ્રોબ અને આઈપેડ સાથેનું સોનોગ્રાફી મશીન કબ્જે

**ક્લિનિક ચલાવની મહિલાની ધરપકડઃ ગર્ભપરીક્ષણ માટે ગ્રાહકો શોધતી અને મકાન માલિક મહિલા ફરાર**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા ૧૯

રાજકોટમાં ધોરણ ૧૨ પાસ મહિલા દ્વારા ચલાવવામાં આવતા ગર્ભપરીક્ષણના ગેરકાયદેસર કિલનિક ઉપર રાજકોટ શહેર એસ.ઓ.જીના મહિલા કોન્ટેબલ સહિતના સ્ટાફે ડમી ગ્રાહક બની દરોડો પાડ્યો હતો. જેમાં ગર્ભપરીક્ષણના ગોરખધંધો કરનાર ત્યક્તાની ધરપકડ કરી ગર્ભપરીક્ષણનું મશીન અને સાધનો કબ્જે કર્યા હતા આ દરોડામાં ગર્ભપરીક્ષણ માટે ગ્રાહકો શોધી લાવતી અને જેના ઘરમાં આ ગેરકાયદેસર ગર્ભપરીક્ષણ થતું હતું તે મહિલા ફરાર થઇ ગઈ હતી.પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

રાજકોટ રૈયા રોડ પરના કનૈયા ચોકમાં શિવપરા શેરી નંબર ૫ શક્તિ કૃપા મકાનમાં રહેતી હેતલબા ઝાલાના મકાનમાં કોઠારિયા રોડ ઉપર રાધેશ્યામ સોસાયટીમાં કિરણભાઈ કોળીના મકાનમાં ભાડેથી રહેતી સરોજ સુબ્રમણ્યમ ડોડિયા (ઉ.વ.૩૫)નામની મહિલા ગેરકાયદે કિલનિક ચલાવી ગેરકાયદેસર ગર્ભપરીક્ષણ કરતી હોવાની માહિતી મળતાં એસ.ઓ.જીના સ્ટાફે આ ઓપરેશન પાર પાડવા એસ.ઓ.જીના મહિલા પોલીસ શાંતુબેન મુળિયાએ શિવપરા શેરી નંબર ૫ શક્તિ કૃપા મકાનમાં રહેતી હેતલબા ઝાલા મારફતે સરોજનો ટેલિફોનિક સંપર્ક કર્યો હતો અને પોતાને એક પુત્રી છે, અને હાલમાં સગર્ભા હોય પુત્ર ન હોય તો ગર્ભપાત કરાવવો છે, તેવી વાત કરી ગર્ભપરીક્ષણ કરાવવાનું કહેતા સરોજે રૂ.૨૦ હજાર કહ્યા હતા અને રકઝકના અંતે રૂ.૧૮ હજારમાં સોદો નક્કી થયો હતો. સરોજ ડોડીયાએ ડમી પેશન્ટ બનેલા એસ.ઓ.જીના મહિલા કોન્ટેબલ શાંતુબેનને રાતે ૯ વાગે પોતાની કિલનિકે બોલ્વાયા હતા.સરોજ ડોડિયાએ ડમી પેશન્ટ કોન્સ્ટેબલ શાંતુબેન અને ડમી ગ્રાહક તરીકે મહિલા કોન્ટેબના પતિ બનેલા બન્નેને કિલનિકે બોલાવવાને બદલે રેસકોર્ષ મેદાનમાં બોલાવ્યા હતા, ત્યાં પહોંચ્યા બાદ શાંતુબેન પાસેથી રૂ.૧૮ હજાર લીધા બાદ સરોજે મહિલા કોન્સ્ટેબલનો મોબાઇલ તેના કથિત પતિને આપી દીધો હતો અને પોતાનો મોબાઇલ સ્વિચ ઓફ કરી દીધો હતો, જેથી પોલીસને તેનું લોકેશન મળે નહીં, આ ઉપરાંત સરોજે મહિલા કોન્ટેબલના પતિ બનેલા વ્યક્તિને સાથે લઇ જવાની ના પાડી એકલા શાંતુબેનને લઇને રવાના થઇ હતી.કલીનીકે પહોચ્યા બાદ ડમી ગ્રાહક બનેલા શાંતુબેનનું પરીક્ષણ શરૂ કરતાં જ શાંતુબેને પોતાની પોલીસ તરીકેની



ઓળખ આપતા સરોજ ભાગવા ગઇ હતી, ત્યારે મહિલા કોન્સ્ટેબલે તેને ઝડપી લીધી હતી.જયારે હેતલબા ઝાલા નાશી ગઈ હતી. એસ.ઓ.જીના સ્ટાફે સ્થળ પરથી ગર્ભપરીક્ષણનું મશીન, દવા અને સાધનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી સરોજ ડોડિયાની ધરપકડ કરી હતી, એસ.ઓ.જીના સ્ટાફે કરેલી પુછપરછમાં સરોજ અગાઉ નર્સ તરીકે નોકરી કરતી હતી, બાદમાં પોતે જ ગર્ભપરીક્ષણ કરવા લાગી હતી.

સરોજ ડોડીયા કનૈયા ચોક વિસ્તારના હેતલબાના મકાનમાં કિલનીક ચલાવીને ગર્ભપરીક્ષણનો ગોરખ ધંધો કરતી હતી. પતિ સાથે છુટાછેડા થયા બાદ ત્યકતા સરોજે કોઇપણ પ્રકારની તબીબી ડિગ્રી નહી હોવા છતાં ગર્ભપરીક્ષણનું કામ શરૂ કરી દીધું હતું. પોતાના ગોરખધંધાનો પર્દાફાશ થાય નહી તે માટે કિલનીકે કોઇપણ પ્રકારનું બોર્ડ લગાવ્યું નહોતું એટલું જ નહી કોઇ અજાણી મહિલા સાથે આ અંગે વાતચીત પણ કરતી નહોતી, તે હેતલબા તેમજ પરિચીતો મારફત જ તેણે પોતાનું નેટવર્ક ફેલાવ્યું હતું.અગાઉ જેટલી મહિલાઓનું ગર્ભપરીક્ષણ કર્યું હોય તેવી કોઇ વ્યક્તિની ભલામણ આવે તો જ સરોજ અજાણી મહિલા સાથે ગર્ભપરીક્ષણની વાતો કરતી હતી અને અંતે કિલનીકે લઇ જઇ ગર્ભપરીક્ષણ કરી આપતી હતી.સરોજની સાથે મહિલા હેતલાબા સહિત કેટલાક શખ્સોની સંડોવણીની શંકાએ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.(૪.૪)

ઉદ્યોગપતિઓને કરોડો રૂપિયાની રાહતોની લ્હાણી કરતી સરકાર

# મહામારીમાં મૃત્યુ પામેલાના પરિવારને ૪ લાખનું વળતર કેમ આપતી નથી?: કોંગ્રેસ



**આવતીકાલે સ્વ.રાજીવ ગાંધીની ૭૭મી જન્મજયંતિ, કોવિડ-૧૯ ન્યાયયાત્રાનો પ્રારંભ, ૧ મહિનો કાર્યક્રમ ચાલશે, શહેર કોંગ્રેસ દ્વારા શહેરના તમામ મૃતક પરિવારની મુલાકાત લેવામાં આવશે, પત્રિકા વિતરણ અને ઘર પર સ્ટીકર લગાડવામાં આવશેઃ અશોક ડાંગર**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ પીડિત પરિવારો વચ્ચે જવા આહવાન કરતા દેશભરમાં 'કોવિડ-૧૯ ન્યાય યાત્રા'નો કાર્યક્રમ ગુજરાતથી પ્રારંભ થશે.

પત્રકાર પરિષદમાં માહિતી આપતા શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગરએ જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ ન્યાય યાત્રામાં મુખ્ય ચાર માંગણીઓ જેમ કે, મૃતકના પરિવારને રૂ.૪ લાખ વળતર, સરકારી નોકરીમાં મૃત્યુ પામેલ હોય તો તેના ઘરમાંથી ૧ સભ્યને નોકરી, ખાનગી હોસ્પિટલ સારવાર ખર્ચ પાછું આપવું અને અણઘડ વહીવટની ન્યાયિક તપાસની સરકાર સમક્ષ માંગણી કરવામાં આવશે.

કોરોના મહામારીમાં જયારે લોકોના કામ ધંધા બંધ હતાં, આવકો બંધ હતી ત્યારે પણ ઊંચા ટેક્સ વસૂલી લાખો કરોડોની કમાણી કરનારી સરકાર કોરોનાગ્રસ્ત લોકોને સારવાર આપવામાં, તેમના પરિજનોની પડખે ઉભી રહેવામાં દાનત અને સંવેદનશીલતાના અભાવે નિષ્ફળ રહી છે. કોરોનાના કપરા સમયમાં લોકોને હોસ્પિટલમાં બેડ, ઇન્જેકશન, ઓક્સિજન, વેન્ટીલેટર માટે કરગરતા અને હેરાન પરેશાન થતા જોયા છે. અને ગુજરાતમાં લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા તેના કરતા વધારે સરકારની ગુનાહિત બેદરકારીથી મૃત્યુ પામ્યા છે. તેવો આક્ષેપ કર્યો હતો.

શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આવતીકાલે રોજ સ્વ. રાજીવ ગાંધી ની ૭૭મી જન્મજયંતિ એ પુષ્પાંજલિ અર્પણ કરી ને કોવિડ ન્યાયયાત્રા ની શરૂઆત કરવામાં આવશે. રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ કોરોનાથી મૃત્યુ પામેલા પરિવારની મુલાકાત-કોરોનામાં ૭ દિવસથી વધુ સમય જેમણે હોસ્પિટલ માં સારવાર લીધી છે તેવા વ્યક્તિઓની મુલાકાત દ્વારા મૃતક પરિવારનાને મળી ને સાંત્વના પાઠવવામાં આવશે. એમને સારવાર દરમ્યાન શું શું તકલીફો આવી તેની માહિતી મેળવશે અને એક ફોર્મ ભરી મૃતક વ્યક્તિના ફોટા સહીત ની માહિતી એકત્રિત કરવામાં આવશે. રાજકોટ શહેર ના તમામ મૃતક પરિવારોની મુલાકાત લઈ ને માહિતી એકત્રિત કરવામાં આવશે. રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આ કાર્યક્રમ ૧ મહિના સુધી ચલાવવામાં આવશે અને રાજકોટ શહેર ના તમામ મૃતક પરિવારનો મુલાકાત લેવામાં આવશે અને ઘરે ઘરે મુલાકાત દરમ્યાન પત્રિકા વિતરણ અને ઘર પર સ્ટીકર લગાડવામાં આવશે. શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, કાર્યકારી પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, પૂર્વ વિપક્ષીનેતા વશરામભાઈ સાગઠીયા, પ્રદેશ આગેવાન જસવંતસિંહ ભટ્ટી, દિનેશભાઈ મકવાણા, રહીમભાઈ સોરા અને અશોકસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા તેવું કોંગ્રેસ કાર્યાલય મંત્રી ગોપાલ મોરવાડિયાની યાદીમાં જણાવાયું છે.(૧.૧૧)

# સોમનાથમાં સરદારનું સપનુ સાકાર કરશે મોદી, અનેક પ્રોજેકટનું કાલે લોન્ચીંગ



**આવતીકાલે વીડિયો કોન્ફરન્સથી ખાતમુહૂર્ત કરશે વડાપ્રધાનઃ સોમનાથમાં ખાસ પ્રદર્શન કેન્દ્ર પુરાણા સોમનાથ મંદિરનું પુનઃરચના સહિતના પ્રોજેકટઃ શ્રી પાર્વતી મંદિરનું શિલાન્યાસ પણ મોદીના હસ્તે થશે, આવતીકાલે કાર્યક્રમોનો ધમધમાટ**

રાજકોટ, તા.૧૯

આખરે સોમનાથ તીર્થ ધામ અંગે ભારતના લોખંડી પુરૂષ સરદાર પટેલે જોયેલા સપના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાકાર કરી રહયા છે. આવતીકાલે સોમનાથ મંદિરના કાયાકલ્પ સમાન વિવિધ પ્રોજેકટ અને નવા નિર્માણ પામેલા શ્રી પાર્વતી મંદિરનાં શિલાન્યાસ સહિતના કાર્યક્રમોનું વડાપ્રધાન લોન્ચીંગ કરશે. કાલે તા.૨૦ ઓગસ્ટને શુક્રવારનો દિવસ સમગ્ર ગુજરાત માટે યાદગાર બની રહેશે. જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સથી સોમનાથ તીર્થ ધામના અનેક પ્રોજેકટનું ખાત મુહૂર્ત કરશે અને ઉદઘાટન કરશે. તેઓ શ્રી સોમનાથ ટ્રસ્ટના ચેરમેન પણ છે.

વડાપ્રધાન દ્વારા સોમનાથની જે જે પરીયોજનાઓનો શિલાન્યાસ થઇ રહયો છે. તેમાં વિશાળ સોમનાથ વિહરા સ્થળ (પ્રોમીનેડ), સોમનાથ પ્રદર્શન કેન્દ્ર, પાર્વતી મંદિર અને જૂના સોમનાથના પૂનઃ નિર્મીત મંદિર પરીષરની યોજનાઓનો સમાવેશ થાય છે. કુલ રૂ.૨૮૨ કરોડનો માસ્ટર પ્લાન આ રીતે સોમનાથની કાયા પલટ કરશે આ રીતે વડાપ્રધાન મોદીએ સરદાર પટેલના સપનાઓને ઉંચી ઉડાન પુરી પાડી છે. સોમનાથ વિહાર વિસ્તાર રૂ.૪૭ કરોડના બનાવવામાં આવશે. એ જ પ્રકારે પ્રવાસી કેન્દ્ર અને પ્રદર્શન કેન્દ્ર નિર્માણ પામશે. જેમાં પ્રાચીન સોમનાથ મંદિરના અવસેસો અને પ્રતિમાઓ સહિતની કલાકૃતિઓ પ્રદર્શનમાં મુકવામાં આવશે. ઐતિહાસીક નગર નિર્માણ રચનાની ઝાંખી કરવામાં આવશે. રૂ.૩.૫૦ લાખના ખર્ચે જૂના ગર્ભ ગૃહનું પુનઃ નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ જૂના મંદિરને અહિલ્યાબાઇ મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે. ઇન્દોરની મહારાણી અહિલ્યાબાઇએ આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. જૂના મંદિરનું આક્રમણમાં નાશ થયા બાદ આ મંદિરનું નવું નિર્માણ ઇન્દોરની મહારાણીએ કરાવ્યું હતું. હવે તેનું પુનઃ નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સાથે સાથે રૂ.૩૦ કરોડના ખર્ચે પાર્વતી મંદિરનું પણ નિર્માણ કરવામાં આવશે. જેની બાંધકામ શૈલી સોમપુરા સલાટ કક્ષાની રહેશે. અહીં ગર્ભ ગૃહ અને નૃત્ય મંડપ પણ બાંધવામાં આવશે.(૨.૧૧)

# પ્રદેશ યુવા 'આપ' પ્રમુખ પદે પ્રવિણ રામની નિમણૂંક

**નીખીલ સવાણીને મહામંત્રી તરીકે જવાબદારી સોપવામાં આવી**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

યુવાનોમાં લોકપ્રિય પ્રવિણ રામને 'આપ'ના યુવા પાંખના ગુજરાતના પ્રમુખ તરીકે જવાબદારી સોપવામાં આવી છે. નીખીલભાઇ સવાણીની મહામંત્રી તરીકે નિમણૂંક કરાઇ છે.

'આપ'ના યુવા પાંખના ગુજરાતના પ્રમુખ તરીકે જવાબદારી સોપતા પ્રવિણ રામે પાર્ટીનો આભાર માન્યો છે અને નિષ્ઠાથી ગુજરાતના યુવાનોના હિત માટે કામ કરવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

# રાજકોટમાં તરૂણી પર દુષ્કર્મના કેસમાં આરોપીને ૧૨ વર્ષની સખત કેદની સજા, રૂ.૧ લાખનો દંડ ફટકારતી પોકસો કોર્ટ

**તરૂણીને લગ્નની લાલચ આપી પરપ્રાંતીય શખ્સ ભગાડી ગયો હતોઃ દાખલા રૂપ ચુકાદો**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

રાજકોટના નવી ઘાંચીવાડ વિસ્તારમાં ૧૪ વર્ષની વયની તરૂણીને લગ્નની લાલચ આપી ભગાડી જઇ દુષ્કર્મ આચરવાના ગુન્હા સબબ ઝડપાયેલા આરોપી સામેનો કેસ ચાલી જતા પોકસોની સ્પેશીયલ કોર્ટ દ્વારા આરોપીને ૧૨ વર્ષની કેદની સજા ફટકારી હતી અને રૂ.૧ લાખનો દંડ પણ ફટકારતો દાખલા રૂપ ચુકાદો આપ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, નવી ઘાંચીવાડમાં રહેતી તરૂણીને મુળ ઉત્તર પ્રદેશનો શાહબુદીન અલ્વી લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. અલગ-અલગ શહેરમાં લઇ જઇ વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું. આ અંગેનો કેસ પોકસો સ્પેશીયલ કોર્ટમાં ચાલ્યો હતો. સરકારી વકીલ આબીદ સોસને સરકાર પક્ષે આસરે ૧૭ દસ્તાવેજ પુરાવા રજૂ કર્યા હતા. કેસ દરમ્યાન ૧૨ સાહેબોને ચકાસવામાં આવ્યા હતા. મહત્વના સાહેદે બનાવને સમર્થન આપ્યું હતું અને પીડિત તરૂણ સાથે દુષ્કૃત્ય થયાના દસ્તાવેજ પુરાવાથી સમર્થન મળ્યું હતું. મેડિકલ રીપોર્ટ અને એફએસએલ રીપોર્ટ પણ દુષ્કૃત્યને થયાનું પુરવાર કરતા હતા.

આ કેસમાં સરકારી વકીલ આબીદ સોસને વિગતવાર આધાર પુરાવા સાથે ધારદાર દલીલો કરી હતી અને આરોપી પરિણીત હોય અને ભોગ બનનાર સગીર હોવાથી સમાજ વિરોધી કૃત્યને હળવાશથી ન લેવાની કોર્ટમાં દલીલો કરી હતી. દલીલો અને પુરાવાને ધ્યાનમાં લઇને ત્રીજા એડિશનલ સેશન જજ અને સ્પે. પોકસો જજ ડિ.એ.વોરાએ કેસના આરોપી શાહબુદીન અલ્વીને તકસીરવાન ઠરાવી અલગ-અલગ ગુન્હાઓમાં મળીને કુલ ૧૨ વર્ષની સખત કેસની સજા ફટકારી હતી અને રૂ.૧ લાખનો દડ પણ ફટકાર્યો હતો.(૨.૧૧)


## Congratulation-અભિનંદન



**સુશ્રી નીતાબહેન ડિસોઝા**

અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ આદરણીય **સોનીયા ગાંધી** દ્વારા અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ તરીકે અમારા રાજપૂત પરિવારના સભ્ય અને મારા નાનાબહેન સમાન **સુશ્રી નીતા ડિસોઝા**ની નિમણુક કરવામાં આવી છે તે બદલ તેમને હૃદયપૂર્વકના અભિનંદન

-:: શુભેચ્છક ::-

**મહેશ રાજપૂત-મિલી રાજપૂત**
**અને**
**સમગ્ર રાજપૂત પરિવાર**


# આજે સૌરાષ્ટ્રભરનાં પેટ્રોલ-ડીઝલ-સીએનજી ડિલરોનું આંદોલન, બ્લેક ડે મનાવ્યો

**તમામ ડિલર્સ દ્વારા આજે નો પરચેજ દિન, દર ગુરૂવારે કાળો દિન મનાવવામાં આવશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતના પેટ્રોલ-ડીઝલ-સીએનજી ડિલરો દ્વારા આજે નો પરચેજ આંદોલન સાથે કાળો દિવસ પણ મનાવવામાં આવી રહયો છે. માર્જીગની રકમમાં છેલ્લા ૪ વર્ષથી કોઇ જ વધારો કરવામાં આવ્યો ન હોવાથી પેટ્રોલ-ડીઝલ અને સીએનજીના ડિલરો દ્વારા આંદોલનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. એ અંતર્ગત આજે નો પરચેજ આંદોલન કરવામાં આવી રહયું છે સાથે સાથે બ્લેક ડે પણ મનાવવામાં આવી રહયો છે. ડિલરો દ્વારા સુરત, વડોદરા, અમદાવાદ સહિતના શહેરોમાં પેટ્રોલ પમ્પ અને સીએનજી પમ્પ પાસે ધરણા પણ કરવામાં આવી રહયા છે. ઠેરઠેર જોરદાર દેખાવ કરવામાં આવ્યા છે અને નારે બાજી કરવામાં આવી છે. ડિલરોએ જાહેર કર્યુ છે કે, દર ગુરૂવારે નો પરચેજ અને આંદોલન દિવસ મનાવવામાં આવશે. માર્જીગની રકમમાં વધારો કરવા માટે લાંબા સમયથી ડિલરો માંગણી કરી રહયા છે પણ હજુ સુધી આ પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી.(૨.૧૧)


## સોનલ કેટરર્સ



**શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ**
**બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.**

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.


# રાજકોટ શહેરમાં સતત બીજા દિવસે કોરોનાનો એક કેસ નોંધાયો, વધુ ૨૮૭૪ નાગરીકોએ વેક્સિન મુકાવી

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરમાં કોરોનાનો આમ તો લગભગ સફાયો થઇ ગયો છે. પણ આજે સતત બીજા દિવસે કોરોનાનો એક પોઝિટિવ કેસ નોંધાયો હતો એટલે શહેરમાં કુલ કેસોની સંખ્યા ૪૨૮૦૭ થઇ છે તેની સામે રીકવરી રેઇટ ખુબ જ ઉંચો એટલે કે ૯૮.૯૦ ટકા જેવો રહયો છે. શહેરમાં કુલ ૧૩ લાખ ૧૧ હજારથી વધુ લોકોનું ટેસ્ટીંગ કરી લેવામાં આવ્યું છે.

મનપાની યાદી ઉમેરે છે કે, શહેરમાં આજે પણ વેક્સિનેશનની ગતી યથાવત જળવાઇ રહી હતી. ગુરૂવારે ૧૮ થી ૪૪ વર્ષની વયના કુલ ૨૦૧૮ લાભાર્થીઓ તેમજ ૪૫ વર્ષથી મોટી ઉમરના કુલ ૮૫૬ મળીને કુલ ૨૮૭૪ શહેરીજનોએ વેક્સિન મુકાવી હતી. રાજકોટ મનપાએ લોકોને સાવધ રહેવા માટે ફરી અપીલ કરી છે. સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોને વળગી રહેવા તથા પોતાની જાતને અને અન્યોને કોરોનાથી સુરક્ષીત રાખવા મનપાએ અપીલ કરી છે. ખાસ કરીને આવનારા તહેવારોમાં બીન જરૂરી ભીડભાડથી બચવા અને ખરીદી વખતે દુકાનોમાં ટોળે ન વળવા શહેરીજનોને ખાસ અપીલ કરવામાં આવી છે.(૨.૧૧)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.